પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૨૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૨-૦૧-૨૦૨૨ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## USમાં કોરોનાના કેસોની સંખ્યા છ કરોડને પાર, મરણાંક ૮,૩૭,૬૬૪



વોશિંગ્ટન,

યુએસમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ૬૦ મિલિયન એટલે કે છ કરોડનો આંક પાર કરી ગઇ છે અને કોરોનાનો કુલ મરણાંક ૮,૩૭,૬૬૪ થયો છે. ૯ નવેમ્બરના રોજ યુએસમા કોરોનાના કેસોની સંખ્યા એક કરોડનો આંક પાર કરી ગઇ હતી.એ પછી પહેલી જાન્યુઆરી ૨૦૨૧ના રોજ તે વધીને બે કરોડ અને ૨૪ માર્ચે ૩ કરોડે પહોંચી હતી. ૬ સપ્ટેમ્બરે કોરોનાના કેસોની સંખ્યા ચાર કરોડે અને તેર ડિસેમ્બરે તે પાંચ કરોડનો આંક વટાવી ગઈ હતી. યુએસમાં કેલિફોર્નિયા રાજ્યમાં ઓમિક્રોનનો પહેલો કેસ પહેલી ડિસેમ્બર ૨૦૨૧ના રોજ નોંધાયો હતો.

બીજી તરફ યુકેમાં કોરોનાના નવા ૧,૪૧,૪૭૨ કેસ નોંધાવાને પગલે કોરોનાના કુલ કેસોની સંખ્યા ૧૪,૪૭૫,૧૯૨ થઇ હતી જ્યારે ૯૭ જણાના મોત થતાં કોરોનાનો કુલ મરણાંક દોઢ લાખનો આંક વટાવી ગયો હતો. લંડનની પબ્લિક સ્કૂલ ઓફ હેલ્થના ડાયરેક્ટર કેવિન ફોન્ટેને જણાવ્યું હતું કે યુકેમાં ચેપની પરાકાષ્ટા આવી ગઈ છે. લંડનમાં કેસના દરમાં ઘટાડો નોંધાયો છે. પણ લંડનમાં કોરોનાના ચેપનું પ્રમાણ હજી ઘણું ઉંચું છે. આજે પણ લંડનમાં દસ જણામાંથી એક જણને કોરોનાનો ચેપ લાગેલો છે. યુકેમાં બાર વર્ષ કરતાં વધારે વયના ૮૨ ટકાને કોરોનાની રસીનો પહેલો ડોઝ અને ૮૨ ટકાને કોરોનાની રસીના બંને ડોઝ મળી ચૂક્યા છે. જ્યારે ૬૧ ટકાને બૂસ્ટર ડોઝ મળી ગયો છે.

દરમ્યાન ફિલિપાઈન્સમાં સતત ત્રીજે દિવસે કોરોનાના કેસોમાં મોટો વધારો નોંધાયો હતો. આજે કોરોનાના નવા ૩૩,૧૬૯ કેસો નોંધાવાને પગલે કુલ કેસોની સંખ્યા ૩૦ લાખે પહોંચી હતી. ૧૪૫ જણાના મોત થવાને પગલે કુલ કોરોના મરણાંક ૫૨,૨૯૩ થયો હતો. સંખ્યાબંધ આરોગ્ય કર્મચારીઓને ઓમિક્રોનનો ચેપ લાગવાને કારણે આરોગ્ય સેવા કથળી ગઈ છે.

દરમ્યાન સિંગાપોરમાં આરોગ્ય પ્રધાન ઓંગ યેએ સંસદમાં ચેતવણી આપી હતી કે સિંગાપોરમાં ઓમિક્રોનનું મોટું મોજું આવી રહ્યું છે. જેમાં રોજના દસથી પંદર હજાર કેસ વધવાની સંભાવના છે. સિંગાપોરમાં અત્યાર સુધીમાં કોરોનાના ૪,૩૩૨ કેસો નોંધાયા છે જેમાં ૩૦૮ કેસોમાં દર્દીની ઉમર ૬૦ વર્ષથી વધારે છે. માત્ર આઠ દર્દીઓને ઓક્સિજન આપવાની જરૂર પડી હતી.

બીજી તરફ ચીનમાં બિજિંગની પડખે આવેલાં તિયાનજીન શહેરમાં ઓમિક્રોનનું આગમન થવાને પગલે ચીને ચાંપતા પગલાં ભર્યા છે. શનિવારે ઓમિક્રોનના બે કેસો મળી આવતાં શાળાઓ બંધ કરી દેવામાં આવી હતી અને પ્રવાસ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. વીક એન્ડમાં સામૂહિક ટેસ્ટિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું હતું.નજીકમાં આવેલાં હેનાનમાં પણ ઓમિક્રોનના બે કેસ નોંધાયા છે. તિયાનજીનમાં ઓમિક્રોનના ૨૧ નવા કેસો નોંધાવાને કારણે બિજિંગમાં અધિકારીઓના જીવ ઉંચા થઈ ગયા છે. બિજિંગમાં વીન્ટર ઓલિમ્પિક આડે મહિનો માંડ રહ્યો છે ત્યાં ઓમિક્રોનનો ચેપ મોટાપાયે ફાટી નીકળે તો તે ચીનના શાસકોને પરવડે તેમ નથી.

કોરોના મહામારી શરૂ થવાના બે વર્ષ કરતાં વધારે સમય થવા સાથે ૩૦૭ મિલિયન કેસો અને ૫૫ લાખ મોત થયા બાદ પણ ચીનને હજી કોરોના મહામારી માટે કસુરવાર ઠેરવી શકાયું નથી. સમયાંતરે કોરોના મહામારીમાં ફેરફાર થતો રહ્યો છે પણ જ્યાંથી કોરોના મહામારીની શરૂઆત થઈ હતી તે ચીનને કસુરવાર ઠેરવવામાં યુએન અને વિશ્વ આરોગ્ય સંસ્થા ઉણી ઉતરી છે. આજે કોરોના મહામારીએ વિશ્વના અર્થતંત્રને ખોરવી નાંખ્યું છે.

ઓક્ટોબર ૨૦૧૯માં વુહાન શહેરમાં યોજાયેલી મિલિટરી ગેમ્સમાં ભાગ લેનારા કેનેડાની મિલિટરીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ગેમ્સ દરમ્યાન વુહાન શહેર ભૂતિયું બની ગયું હતું. ગેમ્સમાં ભાગ લેનારા ઘણાં જવાનોને થાક અને શ્વાસ લેવામાં તકલીફ પડવાની શરૂઆત થઈ હતી. ઈરાનના લશ્કરી અધિકારીઓમાંથી ઘણોએ વુહાન ગેમ્સ બોદ જીવ પણ ગુમાવ્યા હતા.

બીજી તરફ યુગાન્ડામાં ૮૩ સપ્તાહ એટલે કે બે વર્ષ કરતાં વધારે સમય બંધ રહ્યા બાદ સ્કૂલો ફરી ખૂલી હતી. સ્કૂલો બંધ રહેવાને કારણે એક કરોડ બાળકોના શિક્ષણને અસર થઈ હતી. યુગૌન્ડામાં માર્ચ ૨૦૨૦માં જ સ્કૂલો બંધ કરી દેવામાં આવી હતી. ફેબ્રુઆરી ૨૦૨૧માં થોડા વર્ગો શરૂ કરવામાં આવ્યા હતા પણ કોરોનાના કેસો વધવાને પગલે જુનમાં ફરી લોકડાઉન લદાવાને પગલે શાળાઓ બંધ કરી દેવી પડી હતી.

## ભારતમાં કોરોનાની બ્રેક ફેઈલ : છેલ્લા ૨૪ કલાકમાં ૧,૬૮,૦૬૩ કેસ નોંધાયા

નવીદિલ્હી,

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના ૧,૬૮,૦૬૩ નવા કેસ સામે આવ્યા છે. જોકે આનાથી થોડી રાહત છે. હકીકતમાં, સોમવારની સરખામણીમાં ૬.૫% ઓછા કેસ આવ્યા છે. સોમવારે દેશમાં કોરોનાના ૧.૭૯ લાખ કેસ નોંધાયા હતા. ભારતમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસના ૩,૫૮,૭૫,૭૯૦ કેસ નોંધાયા છે. દેશમાં ઓમિક્રોનના કેસ વધીને ૪,૪૬૧ થઈ ગયા છે.

ભારતમાં સૌથી વધુ સંક્રમિત રાજ્યોની વાત કરીએ તો મહારાષ્ટ્ર ટોચ પર છે. છેલ્લા ૨૪ કલાકમાં અહીં ૩૩,૪૭૦ કેસ નોંધાયા છે. આ સિવાય પશ્ચિમ બંગાળમાં ૧૯,૨૮૬, દિલ્હીમાં ૧૯,૧૬૬, તમિલનાડુમાં ૧૩,૯૯૦, કર્ણાટકમાં ૧૧,૬૯૮ કેસ નોંધાયા છે.

ભારતમાં, છેલ્લા ૨૪ કલાકમાં મળી આવેલા કુલ કેસોમાંથી, આ ૫ રાજ્યોમાંથી ૫૮.૦૮% નવા કેસ નોંધાયા છે. આ સિવાય એકલા મહારાષ્ટ્રમાં ૧૯.૯૨% કેસ મળી આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨૭૭ લોકોના મોત થયા છે. ભારતમાં કોરોના મહામારીને કારણે અત્યાર સુધીમાં ૪,૮૪,૨૧૩ લોકોના મોત થયા છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરીએ તો કેરળમાં સૌથી વધુ મૃત્યુ (૧૬૬) થયા છે. આ સિવાય દિલ્હીમાં કોરોનાને કારણે ૧૭ લોકોના મોત થયા છે. રવિવારે દેશમાં ૬૯,૯૫૯ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં ૩,૪૫,૭૦,૧૩૧ દર્દીઓ કોરોનાથી સાજા થયા છે.

દેશમાં એક્ટિવ કેસ વધીને ૮,૨૧,૪૪૬ થઈ ગયા છે. છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસોમાં ૯૭,૮૨૭ કેસનો વધારો થયો છે. તે જ સમયે, રસીની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં ૯૨,૦૭,૭૦૦ ડોઝ લગાવવામાં આવ્યા હતા. દેશમાં અત્યાર સુધીમાં ૧૫૨ કરોડ રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

## ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાતા કોલ્ડવેવની આગાહી કરાઈ



અમદાવાદ,

દેશના ઉત્તરિય ભાગોમાં સતત હિમ વર્ષા થઈ રહી છે. ત્યારે ઉત્તર દિશા તરફથી ઠંડા અને સૂકા પવનો ફૂંકાઈ રહ્યાં છે. જેના કારણે ગુજરાતમાં પણ હાડ થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે કચ્છ અને ઉત્તર ગુજરાતમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, બે દિવસ દરમિયાન બનાસકાંઠા, ગાંધીનગર, આણંદ, વડોદરા, ભાવનગર, અમરેલી, જુનાગઢ, કચ્છમાં ગાત્રો થિજાવતી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી છે. ૧૬મી જાન્યુઆરી સુધી રાજ્યમાં ૧૦ ડિગ્રી સુધી લઘુત્તમ તાપમાન રહેશે. એટલે કે, આ વર્ષે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસે પણ કડકડતી ઠંડી પડવાની આગાહી છે.

ગુજરાતમાં નોંધાયેલા તાપમાનની વાત કરીએ તો, કચ્છના નલિયાનું તાપમાન ૬.૨ ડિગ્રી નોંધાયું છે. આ સાથે વડોદરા શહેરનું તાપમાન ૮.૯ ડિગ્રી, અમદાવાદનું તાપમાન ૯.૩ ડિગ્રી, ડીસા અને પાટણનું તાપમાન ૯.૫ ડિગ્રી, રાજકોટનું તાપમાન ૯.૭ ડિગ્રી, ભુજનું તાપમાન ૧૦ ડિગ્રી, અમરેલી અને જૂનાગઢનું તાપમાન ૧૦.૨ ડિગ્રી, ભાવનગરનું તાપમાન ૧૦.૮ ડિગ્રી નોંધાયું છે. ગુજરાતમાં આગામી બે દિવસમાં હવામાન વિભાગે કોલ્ડ વેવની આગાહી કરી છે. ઉત્તર ભારતના પહાડોમાં ભારે બરફવર્ષાને પગલે ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાતા કોલ્ડવેવની આગાહી કરાઈ છે.

હવામાન વિભાગનું માનીએ તો, ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, ગાંધીનગર અને અમદાવાદમાં કાતિલ ઠંડીનું મોજું ફરી વળશે. બનાસકાંઠા અને પાટણના સરહદી વિસ્તારમાં હાડ થિજાવતી ઠંડી પડશે. હવામાન વિભાગે આજે અમદાવાદ, કચ્છ, બનાસકાંઠા, ગાંધીનગર સહિતના યલો એલર્ટ હેઠળના વિસ્તારોમાં ઠંડા પવનો ફૂંકાવાની પણ આગાહી કરી છે.

સુરત શહેરનું અધિકતમ તાપમાન ૨૫.૮ ડિગ્રી, લઘુતમ તાપમાન ૧૨.૨ ડિગ્રી, હવામાં ભેજનું પ્રમાણ ૩૪ ટકા, હવાનું દબાણ ૧૦૧૩.૨ મિલીબાર અને ઉત્તર-પૂર્વ દિશામાંથી કલાકના ૬ કિ.મીની ઝડપે પવન ફુંકાયા હતા. સોમવાર આ વર્ષનો સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો. સાથે જ દિવસનું તાપમાન ગગડતા આખો દિવસ ઠંડા પવનથી શહેરીજનો ઠુઠવાયા હતા. આજે જે ઠંડી નોંધાઈ છે. તે છેલ્લા બે વર્ષની સૌથી વધુ ઠંડી નોંધાઈ હતી.

## દિલ્હીમાં લોકડાઉન નહીં થાય : મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ



નવીદિલ્હી,

રાજધાની દિલ્હીમાં કોરોનાનો પ્રકોપ યથાવત છે. કોવિડથી પીડિત દર્દીઓની સંખ્યા સતત સામે આવી રહી છે. કોરોનાના વધતા જતા પ્રકોપને કારણે રાજધાનીમાં કડકાઈ વધારી દેવામાં આવી છે. દિલ્હીમાં તમામ ખાનગી ઓફિસોને સંપૂર્ણ રીતે બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. આ બધાની વચ્ચે દિલ્હીમાં લોકડાઉનને લઈને અટકળો લગાવવામાં આવી રહી હતી. પરંતુ હવે સીએમ અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ કર્યું છે કે દિલ્હીમાં લોકડાઉન નહીં થાય.

દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, ઘણી મજબૂરીમાં પ્રતિબંધો લગાવવા પડ્યા છે, અમે જલ્દીથી પ્રતિબંધ હટાવીશું. આજે સાંજ સુધીમાં આશરે ૨૦,૦૦૦ કેસનો રિપોર્ટ આવશે. અમે લોકડાઉન નથી લાદી રહ્યા. કેજરીવાલે કહ્યું કે આજે દિલ્હીમાં જે લોકો હોસ્પિટલમાં દાખલ છે તેમાં માત્ર કોરોના રોગ માટે જ હોસ્પિટલમાં આવનાર લોકોની સંખ્યા ઘણી ઓછી હશે. જો જરૂરી હોય તો, અમે ૩૭,૦૦૦ બેડ તૈયાર કરીને ૧૧,૦૦૦ આઈસીયુ તૈયાર કરી શકીએ છીએ.

આ પહેલા મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને લોક નાયક જય પ્રકાશ નારાયણ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને કોરોના અંગેની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું.દિલ્હીની તમામ ખાનગી ઓફિસોને ફિઝિકલી બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે એટલે કે હવે દિલ્હીની ખાનગી ઓફિસોના કર્મચારીઓ વર્ક ફ્રોમ હોમમાં કામ કરશે. દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીએ મંગળવારે એક આદેશમાં જણાવ્યું હતું કે, "કોવિડ -૧૯ ના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને, મુક્તિની શ્રેણીમાં આવતી ઓફિસો સિવાય તમામ ખાનગી ઓફિસો દિલ્હીમાં બંધ રહેશે."

દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને એક ખાનગી મધ્યમ સાથે વાત કરતા કહ્યું કે કોવિડ-૧૯ 'એક-બે દિવસમાંલ્ર તેની ટોચ પર પહોંચી જશે, ત્યારબાદ ત્રીજા મોજામાં ચેપના કેસમાં ઘટાડો થશે. સોમવારે ૧૯,૦૦૦ થી વધુ નવા કોરોના કેસ નોંધાયા હતા, જે રવિવાર કરતા થોડા ઓછા છે.

સ્વાસ્થ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર જાન્યુઆરીના અંત સુધીમાં દિલ્હીમાં દરરોજ ૫૮-૬૦ હજાર નવા કોવિડ કેસ નોંધાઈ શકે છે. સાથે જ જણાવ્યું કે રાજધાનીમાં કોરોનાના મામલા પર લગામ લગાવવા માટે ગૃહ મંત્રાલય ટૂંક સમયમાં મહત્વનો નિર્ણય લઈ શકે છે.

## રાજ્યના ૬ IAS અધિકારીઓની બઢતી અને ઉની બદલી

ગાંધીનગર,

ગુજરાતમાં નવા મુખ્યમંત્રી અને નવા મંત્રીમંડળની રચના આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની મોટા પાયે બદલી અને બઢતી કરવામાં આવી રહી છે ત્યારે એક જ મહિનામાં બીજી વખત આઈએએસ અધિકારીઓની બઢતીના આદેશ આપવામાં આવ્યા છે.

ઉચ્ચ અધિકારીઓની કયા બઢતી કરાઈ : આઈએએસ ડો અજય કુમાર-ડેપ્યૂટેશન,આઈએએસ શ્રી જેનું દેવાન-સુપ્રીટેન્ડન્ટ રેવન્યુ વિભાગ,આઈએએસ આલોક કુમાર પાંડે- કમિશનર શ્રમ અને રોજગાર વિભાગ,આઈએએસ રવિ કુમાર અરોરા-ડેપ્યૂટેશન યથાવત, આઈએએસ આર બી બારડ-ચેરમેન જીપીસીબી (સુધારેલ આદેશ મુજબ) આઈએએસ એમ ડી મોડિયા- ઓએસડી સીએમઓ,

ઉચ્ચ અધિકારીઓની કયા બદલી કરાઈ

આઈએએસ ડી જી પટેલ- કમિશનર સહકાર વિભાગ, આઈએએસ ડી પી દેસાઈ-મુખ્ય ઓફિસર (ઔડા) આઈએએસ એ બી ગોર-કલેકટર વડોદરા

આ પહેલા ૨૪ ડિસેમ્બરના રોજ ૭ આઈએએસ અધિકારીઓની બદલી થઈ હતી જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારની બદલી કરી શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ બનાવાયા. અમદાવાદના મ્યુનિસિપલ કમિશન તરીકે લોચન સહેરાની નિયુક્તિ. મુકેશ પુરીને જીએસએફસીના એમડી બનાવાયા. કે.સી.સંપતને સુરેન્દ્રનગરના ડીડીઓ બનાવાયા. ડૉ.નવનાથ ગવ્હાણેને અધિક ગ્રામ વિકાસ કમિશનર તરીકે નિયુક્તિ. રાકેશ શંકરને શહેરી વિકાસ વિભાગનો વધારાનો ચાર્જ સોંપાયો. કુમારી બી.આર.દવેને ગુજરાત લાઈવલીહુડ કંપનીના MD તરીકે બદલી આપવામાં આવી હતી.

## આ ચુંટણીઓમાં નફરતને હરાવવાની યોગ્ય તક છે : રાહુલ ગાંધી



નવીદિલ્હી,

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યું છે કે પાંચ રાજયોની વિધાનસભા ચુંટણીઓમાં નફરતને હરાવવાની યોગ્ય તક છે. તેમણે ઈલેકશન ૨૦૨૨ હેશટૈગની સાથે ટ્વીટ કર્યુ નફરતને હરાવવાની યોગ્ય તક છે.એ યાદ રહે કે ચુંટણી પંચે શનિવારે પાંચ રાજયોમાં વિધાનસભા ચુંટણીઓની તારીખ જાહેર કરી હતી.

ઉત્તરપ્રદેશમાં વિધાનસભા ચુંટણી હેઠળ ૧૦ ફેબ્રુઆરીથી લઈ સાત માર્ચ સુધી સાત તબક્કામાં મતદાન થશે જયારે ઉત્તરાખંડ,પંજાબ અને ગોવામાં એક જ તબક્કામાં ૧૪ ફેબ્રુઆરીએ મતદાન થશે મણિપુરમાં બે તબક્કામાં ૨૭ ફેબ્રુઆરી અને ત્રણ માર્ચે મતદાન થશે આ પાંચ રાજયોની વિધાનસભા ચુંટણીની મતગણતરી ૧૦ માર્ચે થશે.

## સંરક્ષણ મંત્રી રાજનાથસિંહને કોરોના થયો તો ચીનના મીડિયાએ કહ્યું કે, ભારતીય સૈનિકો પર દબાણ વધશે

નવીદિલ્હી,

સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ કોરોના પોઝિટિવ થયા છે અને સોમવારે તેમણે આ વાતની જાણકારી આપી હતી. જોકે ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે તેના પર પણ પોતાના રોટલા શેકવાનુ ચાલુ રાખ્યુ છે.અખબારે લખ્યુ છે કે, રાજનાથસિંહના કોરોનાથી સંક્રમિત થવાના કારણે સીમા પર તૈનાત ભારતીય સૈનિકો પર મનોવૈજ્ઞાનિક દબાણ ઉભુ થશે. અખબારે લખ્યુ છે કે, સંરક્ષણ મંત્રી જ્યારે સંક્રમિત થાય તે બતાવે છે કે, કોરોનાએ ભારતીય સૈનિકો પર બહુ ખરાબ અસર પાડી છે.ચીનના સંરક્ષણ નિષ્ણાત કિયાન ફેંગના હવાલાથી અખભારે લખ્યુ છે કે, સંરક્ષણ મંત્રીના સંક્રમિત થવાના કારણે દેખાઈ રહ્યુ છે કે, કોરનાની નવી લહેરે ભારતના લોકોની સાથે સાથે સૈનિકો પર પણ ભારે પ્રભાવ ઉભો કર્યો છે.વાયરસને ફેલાતો રોકવા માટે હવે ભારતને સરહદ પર ઓછા સૈનિકોને તૈનાત કરવા પડશે અને તેના કારણે ભારતીય સૈનિકો પર દબાણ વધશે. ભારત અને ચીન વચ્ચે બુધવારે શાંતિ મંત્રણાનો ૧૪મો રાઉન્ડ શરુ થવાનો છે અને તેના બે દિવસ પહેલા જ રાજનાથસિંહ કોરનાથી સંક્રમિત થયા હોવાનુ પણ અખબારે કહ્યુ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

બીપીન આર. પટેલ

મુ. ડખરીયા, તા. બાલાસિનોર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પ્રતાપસિંહ સી. ચૌહાણ

મુ. ફેલસાણી, તા. બાલાસિનોર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

સુખાબેન એમ. પરમાર

મુ. ગુંથલી, તા. બાલાસિનોર

**હાલોલ નગરપાલિકા જી.પંચમહાલ**

**જાહેર નિવિદા સને : ૨૦૨૧-૨૨**

**(બીજો પ્રયત્ન)**

હાલોલ નગરપાલિકા મુખ્ય અધિકારીશ્રી, હાલોલ-૩૮૯૩૫૦ જી.પંચમહાલ ફોન નં.૦૨૬૭૬-૨૨૧૯૭૨ દ્વારા મેનપાવર સપ્લાયના કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઓનલાઈન ટેન્ડર માટે ટેન્ડર ભરવાની કાર્યપધ્ધતિ, સંબંધિત વિગતો જેવી કે ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરેની માહિતી વિગતવાર ટેન્ડર નોટીસમાં આપવામાં આવે છે. જે રસ ધરાવતા ઈજારદારો/ઉત્પાદનકર્તાએ વંચાણે લેવા વિનંતી છે. જે એક ટેન્ડર એગ્રીમેન્ટનો ભાગ છે.

આ કામોની વિગતવાર જાહેર નિવિદા વેબસાઈટ https://nagarpalika.nprocure.com માં જોઈ શકાશે. નિવિદામાં જણાવેલ કોઈપણ ટેન્ડર અથવા બધા ટેન્કરો કારણ જણાવ્યા વગર સ્વીકારવા, ન સ્વીકારવા, રદ કરવા એ નગરપાલિકાનો અબાધિત અધિકાર છે. જે તમામને બંધનકર્તા રહેશે. ઉપરોક્ત વેબસાઈટ પર ટેન્ડરને લગતા તમામ સુધારા વધારા ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ સુધી જોઈ શકાશે

- ઓનલાઈન ટેન્ડર ભરવાની તારીખ : ૧૩/૦૧/૨૦૨૨ સવારે ૧૧:૦૦ કલાક થી ૨૧/૦૧/૨૦૨૨ સાંજે ૧૮.૦૦ કલાક સુધી.
- ટેન્ડર ફી, ઇ.એમ.ડી. વિગેરે ઓરિજિનલ ડોક્યુમેન્ટનું ફીઝીકલ સબમિશનની આખરી તા.૨૫/૦૧/૨૦૨૨ સાંજે ૧૮:૦૦ કલાક સુધી.

(નોંધ : માત્ર આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી હાલોલ નગરપાલિકાને મોકલવાના રહેશે.)

- ઓનલાઈન ટેન્ડર ખોલવાની તા.૨૭/૦૧/૨૦૨૨ ઓફિસ સમય દરમિયાન.

(વિરાજ શાહ) મુખ્ય અધિકારી હાલોલ નગરપાલિકા

(પ્રમોદસિંહ રાઠોડ) કારોબારી ચેરમેન હાલોલ નગરપાલિકા

(શિતલ પટેલ) ઉપપ્રમુખ હાલોલ નગરપાલિકા

(વિભાક્ષીબેન દેસાઈ) પ્રમુખ હાલોલ નગરપાલિકા

માહિતી/ગોધરા/૮૩૩/૨૦૨૨

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર કમ પ્રદર્શન લુણાવાડા ખાતે યોજાયું



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

ગુજરાત રાજય પશુપાલન વિભાગ, મહીસાગર જિલ્લા પંચાયત-લુણાવાડા તાલુકા પંચાયત પશુપાલન શાખા અને પશુ દવાખાના દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની પશુપાલન શિબિર- કમ પ્રદર્શન પી.એન. પંડ્યા કોલેજ લુણાવાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરના અધ્યક્ષસ્થાને યોજાયું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખએ પોતાના પશુપાલનના અનુભવોને વર્ણવતા પશુપાલકોને પ્રેરક માર્ગદર્શન આપતા રાજ્ય સરકારે પશુપાલનની અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. જેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમણે પશુપાલકોને પશુઓના સ્વાસ્થ્ય માટે અંધશ્રદ્ધામાંથી બહાર આવી પશુ ચિકિત્સકોની સલાહ મેળવી વૈજ્ઞાનિક ઢબથી આદર્શ પશુપાલન કરી આવક વૃદ્ધિ કરવા અપીલ કરી હતી.

નાયબ પશુપાલન નિયામક એમ.જી.ચાવડાએ પશુપાલનના વ્યવસાયમાં પશુઓના સ્વાસ્થ્ય, દૂધ ઉત્પાદનમાં વધારો કરવા તેમજ આવક વૃદ્ધી માટે પશુપાલન વિભાગનું માર્ગદર્શન મેળવવા આ શિબિર ઉપયોગી નીવડશે તેમ જણાવ્યું હતું.

આ શિબિરમાં જિલ્લા ખેતીવાડી અધિકારી એસ.જે. પટેલે ખેડૂત લક્ષી યોજનાઓ, પંચામૃત ડેરીના ડો. પી.એન.પટેલ, ડો. જે.બી.પટેલ, ડો.જે.એમ.પટેલ, ડો. કે.એમ.પંડીત, ડો. વી.ડી.ગામેતી સહિતના પશુ ચિકિત્સકોએ પશુઓમાં આવતા ઝીનેટીક રોગોની સમજ તથા અટકાવવાના પગલા, વૈજ્ઞાનિક ઢબે પશુપાલન, આદર્શ પશુપાલન અંગે આદર્શ પશુપાલન થકી આવક વૃદ્ધિ, પશુ રસીકરણ, પશુ રોગચાળાનુનિયંત્રણઅને સારવાર, પાડી વાછરડી ઉછેર, પશુઆહાર અને માવજત, સ્વચ્છતા, દૂધની ગુણવત્તા, પશુઓનો ગુણવત્તાયુક્ત ખોરાક, સરકારની યોજનાઓ અંગે પશુપાલકો માર્ગદર્શન અને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.

છાંયણ ગામના આદર્શ પશુપાલન કરતા પશુપાલકે પોતાની સાફલ્યગાથા વર્ણવી પશુપાલકોને પ્રેરણા પુરી પાડી હતી.

આ કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવી હતી. જ્યારે પશુચિકિત્સા અધિકારી જે.ડી. કંસારાએ સ્વાગત પ્રવચન અને આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા ખેત ઉત્પાદક સહકાર અને સિંચાઇ સમિતિના ચેરમેન ભાથીભાઇ ડામોર, પી.એન.પંડ્યા કોલેજના ટ્રસ્ટી હરીભાઇ પટેલ, આચાર્ય પી.એચ.રાઠોડ, પ્રો. જે.પી.ચૌધરી, અગ્રણી અરવિંદભાઇ બારીયા, જિલ્લા-તાલુકા પંચાયત સદસ્ય, પશુપાલન શાખાના કર્મીઓ, વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર જિલ્લાના નાનકડાં ગામ કાળીબેલના વતની ડો.સોહમ પટેલે લુણાવાડામાં તબીબી સેવા આપી વતનનું ઋણ ચૂકવ્યું



લુણાવાડા,

મહીસાગર જિલ્લાનાં સંતરામપુર તાલુકાના કાળીબેલ ગામનાં વતની જેઓ ને નાનપણથી જ વતન પ્રત્યેની અથાગ લાંગણી તેમજ ગામના વિકાસની સતત જંખના સાથે તેઓ એ નાનપણથી જ ડોકટર બની ગામની સેવા કરવાની નેમ ઉઠાવી હતી. ડો.સોહમ પટેલ ૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવનાર ડોક્ટર છે. જેમા તેઓ દ્વારા સોલા સિવિલ, મેડિકલ કોલેજ નડિયાદ, ગોધરા સિવિલમાં ૫૦૦૦ હજાર જેટલા સફળ ઓપેશન થયેલ છે. વિશેષમાં તેમણે સાંધા બદલવાની તાલીમ જર્મનીમાં થી લીધેલ છે. અંતે તેમણે પોતાના વતનની ચાહના સાથે વતનમાં રહેતાં ગરીબોની સેવા કરવા માટે પોતાનાં વતનથી ૧૫ કિલો મીટર દૂર લુણાવાડા ખાતે સાંઈ ઓર્થોપેડીક હોસ્પિટલ બનાવી પોતાના વતનના દર્દીઓની સેવા કરવાની મોહિમ ઉઠાવી અને માત્ર એક જ મહીનાના ટૂંકા ગાળામાં જટીલમાં જટીલ ઑપરેશન કરી મોટા શહેરમાં પણ ન થાય તેવા ઓપરેશનો નાનકડા ગમામાં કરી દર્દીઓનાં જીવ બચાવ્યા છે. ત્યારે લુણાવાડા તાલુકાનાં ૫૨ વર્ષીય જયેશભાઈ પટેલ ઝાડ પર ચઢવા જતાં તેઓને ૪ જટિલ ફ્રેક્ચર થયેલ હતા. તેમા કાંડાનું, ભુજાના હાડકાનું અને કમરનું બપેલ્વિક ફ્રેક્ચર થયેલ હતું. જે ડો.સોહમ પટેલ દ્વારા લુણાવાડામાં જ સફળ રીતે કરી એક હોશિયાર ઓર્થોપેડિક સર્જનનું ઉદાહરણ પૂરૂં પાડેલ છે. ત્યારે આવું જટિલ ઓપરેશન તે માટે દર્દી અને સગાઓ એ ડોક્ટરનો આભાર માન્યો.

## મહીસાગર જિલ્લાની ગંગા સ્વરૂપા બહેનોને સહાય અંગે પ્રશ્ન હોય તો વોટ્સ-અપ દ્વારા નિરાકરણ થશે

લુણાવાડા,

મહીસાગર જિલ્લામાં સરકાર દ્વારા ગંગા સ્વરૂપ બહેનોને આર્થિક ટેકો મળી રહે તેમજ સ્વમાન સાથે પોતાનું ગુજરાન ચલાવી શકાય તે માટે વર્ષ ૨૦૨૧ નવેમ્બરડીસેમ્બર માસમાં સુધીમાં કુલ-૨૧,૯૧૮ વિધવા બહેનોને રૂ.૫.૬૦ કરોડની ચુકવણી કરવામાં આવી છે.

મહીસાગર જિલ્લામાં ગંગા સ્વરૂપા બહેનોને મામલતદાર કચેરી અને જિલ્લા સુધી જવું ના પડે લાભાર્થીઓના સહાય બાબતે કોઇ પ્રશ્ન હોય તો જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી ખાતે ફોન નં. ૦૨૬૭૪- ૨૫૦૧૮૧ પર વોટ્સ-અપની સુવિધા શરૂ કરવામાં આવી છે. જે મારફતે લાભાર્થી પોતાનો મંજુરી હુકમ, બેંક/પોસ્ટ પાસબુકની કોપી અને આઇ.ડી.પ્રુફ મોકલી આપવાથી લાભાર્થીઓના પ્રશ્ન બાબતે યોગ્ય નિરાકરણ લાવવામાં આવશે. તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચાલતી વિવિધ મહિલાલક્ષી યોજનાઓની માહિતી, તેમજ વ્હાલી દિકરી અરજી ફોર્મ, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના અરજી ફોર્મ, નવેસરથી વિધવા સહાય મેળવવાનું અરજી ફોર્મ અને સહાય મંજુર થઇ હોય વિધવા સહાયના નાણા ન મળતા હોય તો ફરીથી ચાલુ કરવા માટે અરજીનો નમૂનો લાભાર્થી દ્વારા પ્રથમ વખત વોટ્સ-અપ પર જ HI મેસેજ કરવાથી ગુગલલીંક મળી જશે અને લાભાર્થી સહેલાઇથી ઘરે બેઠા ઉપરોક્ત સેવાઓ બાબતે લાભ લઇ શકશે.

અગાઉ ગંગા સ્વરૂપા બહેનોને સહાય આપવાની ઝુંબેશ સ્વરૂપે જે લાભાર્થીઓને માર્ચ-૨૦૨૦ પહેલા સહાય મંજુર થઇ હતી પરંતુ તેમને ચુકવણી બાકી હોય તેવી ૨૩૮૮ બહેનોને નવેમ્બર-૨૦૨૧ સુધીમાં રૂા.૧.૭૨ કરોડ જેટલી રકમ લાભાર્થીઓને તેમના બેક ખાતમાં જમાં કરવામાં આવી હતી. રાજ્યની સંવેદનશીલ સરકાર દ્વારા જિલ્લાની ગંગા સ્વરૂપ બહેનોને આર્થિક સહાય મળી રહે તે માટે સરકારે માસિક રૂ. ૧૨૫૦/- ની સહાય ચૂકવવામાં આવે છે. જેથી આ બહેનો પોતાનું ગુજરાન માનસભર ચલાવી શકે. આ બહેનોને DBTના માદયમથી તેઓના બેન્ક/પોસ્ટ ખાતામાં સીધી ચુકવણી કરવામાં આવે છે. તેમ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## સંતરામપુર નગરમાં સ્ટેટ વિભાગ દ્વારા લગાવવામાં આવેલા ઉંધા બોર્ડ




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરના પ્રતાપપુરા વિસ્તારમાં સ્ટેટ વિભાગ દ્વારા કેટલા કિલોમીટર અંતર આંકડા સાથે બોર્ડ લગાવવામાં આવેલું હતું. જેમાં આભારના બદલે સુસ્વાગતમ લખેલું હતું અને સુસ્વાગતમના બદલે આભાર લખવામાં આવેલ હતું. આ રીત સ્ટેટ વિભાગ દ્વારા બોર્ડ લગાવવામાં લોચા માર્યા હતાં બહારથી આવતા મુસાફરો અને ગામ માટે મોટી શરમજનક જેવી વાત છે. ઉંધા બોર્ડ મારીને કોન્ટ્રાકટરની બેદરકારી જોડાયેલી છે.

## મહિસાગર જીલ્લામાં મંગળવારે ૨૨ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણમાં વધારો થઈ રહ્યો છે. આજરોજ જીલ્લામાં ૨૨ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેની સામે ૪ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. મહિસાગર જીલ્લામાં કોરોના સંક્રમણમાં વધારો થઈ રહ્યો છે. જીલ્લામાં આજરોજ ૨૨ પોઝીટીવ કેસ નોંધાયા છે. તેની સાથે એકટીવ દર્દીની સંખ્યા ૧૦૪ સુધી પહોંચી છે. આજરોજ ૪ દર્દીઓ કોરોના મુકત થતા રજા અપાઈ છે. મહિસાગર જીલ્લામાં વધતા જતાં કોરોના કેસને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોના સંક્રમણથી બચવા માટે માસ્ક, સોશ્યલ ડીસ્ટન્સ જાળવવા અપીલ કરાઈ છે. સાથે કોરોના થી સુરક્ષીત રહેતા કોરોના વેકસીનના પ્રથમ અને બીજો ડોઝ લેવા માટે અપીલ કરાઈ છે.

### ૪ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ

### હેલ્થ ટીપ્સ

## વધારે ઊંઘવાની આદત તમને બીમાર કરી શકે છે



દરરોજ વધુ પડતી ઊંઘ લેવાથી વજન વધી શકે છે કારણ કે જ્યારે તમે વધુ સક્રિય હોવાની શક્યતા હોય ત્યારે તમારા જાગવાના સમય કરતાં ઊંઘતી વખતે તમે ઓછી કેલરી બર્ન કરો છો. અભ્યાસ મુજબ, જે લોકો ૯-૧૦ કલાક ઊંઘે છે તેમનું વજન એવરેજ સ્લીપર કરતાં ૫ કિલો વધુ હોય છે.

વધુ પડતી ઊંઘ કરવાથી, તમે આંતરડાની ચરબી એકઠા કરી શકો છો જે લીવર અને આંતરડા જેવા આંતરિક અવયવોમાં જમા થાય છે. ઓબેસિટી જર્નલમાં થયેલા એક અભ્યાસ મુજબ, આ પ્રકારની ચરબીથી હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબિટીસ અને હૃદયની બીમારીઓ જેવી વિકૃતિઓ થઈ શકે છે.

૭-૮ કલાકની ઊંઘ તમારા મગજને તેજ બનાવી શકે છે, પરંતુ તેનો સમયગાળો ૯ કલાક કે તેથી વધુ સુધી વધારવાથી મગજની કાર્યક્ષમતા ઘટાડી શકાય છે, હાર્વર્ડના સંશોધકોએ જર્નલ ઓફ ધ અમેરિકન ગેરિયાટ્રિક્સ સોસાયટીમાં જણાવ્યું છે.

## મહીસાગર જિલ્લાના માળ ગામના પ્રદિપસિંહ પ્રાકૃતિક કૃષિમાં ખેડૂતો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા



લુણાવાડા,

આજે પ્રકૃતિનું શોષણ એટલા સ્તરે પહોંચ્યું છે કે, માનવના અસ્તિત્વ ઉપર જોખમ ઉભુ થયુ છે. જમીન, પાણી, હવા વગેરે દરેક પ્રકારના કુદરતી સર્જનમાં પ્રદૂષણ ફેલાયેલ છે. જમીનનું સ્વાસ્થ્ય એટલું ખરાબ થઈ ગયું છે કે, તેમાં ઉત્પન્ન થતાં વનસ્પતિ અને અનાજ ખૂબ ઝેરી થઇ ગયા છે. વેદોમાં ઋષિઓએ માં ના રૂપે ધરતી માતા અને ગૌમાતાને વિશેષ દરજ્જો આપ્યો છેધરતી માતાનું સ્વાસ્થ્ય ગૌમાતાના સંરક્ષણ સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. માણસ ત્યાં સુધી જીવીત રહી શકશે જ્યાં સુધી ધરતીનું સ્વાસ્થ્ય સારૂં રહેશે. પ્રાકૃતિક કૃષિ આ દિશામાં કરવામાં આવેલ એક સામૂહિક પ્રયાસ છેઆ કૃષિ પધ્ધતિ ગાય પર આધારિત છે જેમાં પાક માટે જરૂરી તમામ પોષકતત્વો પૂરા પડે છે. આવા જ એક મહીસાગર જિલ્લાના પ્રાકૃતિક કૃષિના પ્રગતિશીલ ખેડૂત પ્રદિપસિંહ પુવારે રાસાયણીક ખેતીથી મુક્ત થઇ પ્રાકૃતિક ખેતી તરફના પરિવર્તન કરી ગૌ સેવાને જીવન મંત્ર બનાવ્યો છે.

કડાણા તાલુકાના જુના માળ ગામના પ્રાકૃતિક ખેડૂત પ્રદિપસિંહ પુવારે પોતાના રાસયણીક ખેતીથી પ્રાકૃતિક ખેતી તરફના બદલાવ વિશે પ્રતિભાવ આપતાત્રણ વર્ષ પહેલાં મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના પ્રાકૃતિક ખેતી અંગેના પ્રેરક ઉદબોધનને સાંભળતા અનુભવ્યું કેપદ્મ સુભાષ પાલેકરજીની જીરો બજેટ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ વગર પણ ખેતી થઈ શકે છે. તેના મુખ્ય ચાર પાયા દ્વારા જેવા કે બીજામૃત, જીવામૃત, આચ્છાદનઅને મિશ્રપાક પદ્ધતિ. ભારતીય દેશી ગાય અને તેના આધારીત ખેતી એ આ ખેત પદ્ધતિનો મુખ્ય આધાર છે. આ ખેતીને અમલમાં મુકવા પોતે ત્રણ દેશી ગાય ખરીદીછે. ગત વર્ષથી આ પદ્ધતિથી૩૮ ગુંઠા જમીનમાં ડાંગરની દેશી જાત ડી આર કેની ખેતી કરી હતી. તેમાંથી ૧૨૪૦ કિલો ડાંગરનું ઉત્પાદન થયું. તે ડાંગરમાં બીજામૃત જીવામૃત નો ઉપયોગ કર્યો તેથી ઉત્પાદન ખર્ચ નજીવો આવ્યો કારણ કે બધી જ વસ્તુઓ દેશી ગાયના છાણ અને ગૌમુત્ર માંથી જ બને છે તેનો ખર્ચ માત્ર રોપણી અને કાપણીનો જ હતો.તેમા મે ડાંગર ઉત્પાદન પાકનુંવેલ્યુએડિશન કરી કુલ આવક રૂપિયા ૪૦,૦૦૦ હજારની મેળવી છે. હાલમાં મારા ખેતરમાં ઘઉં,ચણા,રજકો અને મકાઇના પાકોપ્રાકૃતિક ખેતી દ્વારા કરેલ છે. આમ પ્રાકૃતિક ખેતી એક માત્ર ઉત્તમ વિકલ્પ બનીને અમારા જેવા ખેડૂતો માટે ઉભરી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનું બેક ટુ બેઝીકનું આહવાન છેતેમનો સંકલ્પ છે કે,ભારતના ખેડૂતોની આવક બે ગણી હોય પ્રાકૃતિક કૃષિમાં આ સંકલ્પ અને સ્વપનને સાકાર કરવાની સંપુર્ણ સંભાવનાઓ છે,ત્યારે ગુજરાત સરકાર પણ પ્રાકૃતિક કૃષિને દેશી ગાય આધારીત ખેતીની યોજનાઓથી આગળ વધારી રહી છે. જેના ભાગ રૂપે દેશી ગાય નિભાવ પેટે દર માસે રૂા.૯૦૦ મળે છે અને જીવામૃત બનાવવા માટેબેરલ તથા ટબપણ ખેડૂતને આપ્યા છે.પ્રાકૃતિક કૃષિથી ધરતીમાતા, ગૌમાતા અને પ્રકૃતિને ઝેરીરસાયણથીમુક્તકરીપ્રકૃતિ પ્રત્યે સાચી કૃતજ્ઞતા પ્રકટ કરી શકાય છે.

પ્રાકૃતિક ખેતીને પોતાના જીવનમાં વણી અન્ય ખેડૂતોને આ ખેતી તરફ પ્રેરવા આસપાસના ગામોના પ્રવાસ કરી પોતાના અનુભવોને તેમના સુધી પહોંચાડે છે. સાથે સાથે જિલ્લા તથા જિલ્લા બહારના ખેડૂતોને તેમના ખેતર પર પ્રત્યક્ષ નિદર્શન સાથે જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન, વાફસા, દશપર્ણી અર્ક વગેરે અંગે માર્ગદર્શન પુરૂ પાડે છે. અવાર નવાર આત્મા પ્રોજેક્ટ તેમજ ખેતીવાડી વિભાગ તેઓને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરે છે. આમ મહીસાગર જિલ્લાના પ્રદિપસિંહ પ્રાકૃતિક કૃષિમાં ખેડૂતો માટે પ્રેરણા સ્ત્રોત બન્યા છે.

## મહીસાગર જિલ્લા કલેક્ટર અધ્યક્ષતામાં કોરોના જનજાગૃતિ અંગે ફ્લેગ માર્ચ યોજાઇ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

મહીસાગર જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમારની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, જિલ્લા પોલીસ વડા આર.પી. બારોટની ઉપસ્થિતિમાં કોરોના જનજાગૃતિ અર્થે લુણાવાડા નગરના માર્ગો પર ફ્લેગ માર્ચ યોજાઇ હતી.જેમાં અધિકારીઓના કાફલાની આગળ લાઉડ સ્પીકરથી લોકોને જાગૃત કરવા સાથે માસ્કનું વિતરણ તેમજ કોરોના સંદર્ભે જાહેરનામાનો અમલ કરવાની સૂચનાઓ અપાતી હતી.

આ ફ્લેગ માર્ચમાં જિલ્લા કલેક્ટર ડો. મનીષકુમારે કોરોનાની ત્રીજી લહેરને ગંભીરતાથી લઇ મહીસાગર જિલ્લા વાસીઓને સાવચેત રહેવા અપીલ કરી હતી. કોરોના વાઈરસથી રક્ષણ માટે માસ્ક, વારંવાર હાથ ધોવા, સોશ્યલ ડિસ્ટન્સ સહિતના સુચનાઓનું પાલન કરવા જનજાગૃતિના ઉદેશ્યથી આફ્લેગ માર્ચનુ આયોજન કરવામાં આવ્યું છે. તેમ તેમણે જણાવ્યું હતું.

આ ફ્લેગ માર્ચ મહીસાગર જિલ્લા સેવા સદનથી પ્રસ્થાન થઇ વરઘરી રોડ લુણેશ્વર પોલીસ ચોકી, ચાર કોશીયા નાકા, નગરપાલીકા, કોટેજ ત્રણ રસ્તા, ધોળી રોડ, એસ.પી. ઓફિસ, બીએસએનએલ ઓફિસ થઇ સેવાસદન પરત ફરી હતી.

ફુવારા ચોકથી પદયાત્રા માંડવી બજાર, અસ્તાના બજાર, વાવવાળા માર્કેટદરકોલી દરવાજા સુધીના માર્ગો પર રસ્તામાં માસ્કનું વિતરણ કરી લોકોને કોરોના અંગે સાવચેત કર્યા હતા. પોલીસ અધિકારીઓ કર્મીઓ સહિત પાલિકા કર્મચારીઓ, આરોગ્ય કર્મીઓ જનજાગૃતિ ફ્લેગ માર્ચમાં જોડાયા હતા.

## પંચમહાલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ વેક્સિનનો પ્રિકોશન ડોઝ લઈ અન્યોને પ્રેરણા પૂરી પાડી



ગોધરા,

કોવિડ-૧૯ પ્રતિરોધક રસી જ કોરોના સામેનું અસરકારક શસ્ત્ર સાબિત થઈ છે અને હાલમાં કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ફ્રન્ટ લાઈન વર્કર્સ, હેલ્થ વર્કર્સ તથા ૬૦ વર્ષથી વધુની વય ધરાવતા અને અન્ય બિમારી ધરાવતા વયસ્કોને કોરોના વેક્સિનનો પ્રિકોશન ડોઝ આપવાનાં અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ પ્રિકોશન ડોઝ કે જે બૂસ્ટર ડોઝ તરીકે પણ ઓળખાય છે. તે આપવાની શરૂઆત થઈ છે. પંચમહાલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાએ આજે તૈલંગ સ્કૂલ, ગોધરા ખાતે અને જિલ્લા પોલિસ વડા ડો. લીના પાટિલે દલુની વાડી પ્રા. શાળા, ગોધરા ખાતે વેક્સિનનો પ્રિકોશન ડોઝ લઈને અન્યોને પણ કોવિડ વેક્સીન સમયસર લઈ લેવા પ્રોત્સાહિત કર્યા હતાં. વેક્સિન લીધા બાદ જિલ્લા કલેક્ટરએ જે લોકો માર્ગદર્શિકા અનુસાર બૂસ્ટર ડોઝ માટે લાયક છે તેવા તમામ લોકોને વહેલી તકે બુસ્ટર ડોઝ મૂકાવવા અપીલ કરી હતી. પોતાના સહિત જિલ્લાના તમામ વરિષ્ઠ અધિકારીઓએ રસી મૂકાવી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, વેક્સીનેશન સંપૂર્ણ રીતે સુરક્ષિત છે અને કોરોના સંક્રમણની ઘાતક અસરો સામે રક્ષણ આપનારી છે. જેથી દરેક વ્યક્તિએ જાગૃત બની સરકારની માર્ગદર્શિકા અનુસાર પોતે અને આસપાસનાં દરેક લોકોને કોરોનાની વેક્સીન મુકાવી સુરક્ષિત બનવું જોઇએ. કોરોનાની ત્રીજી લહેરમાં કોરોના વાયરસ સામે રક્ષણ મેળવવા ''પ્રિકોશન ડોઝ'' અતિ મહત્વનો હોવાનું જણાવી જિલ્લાનાં મહત્તમ વયસ્કો, હેલ્થ કેર અને ફ્રન્ટલાઈન વર્કર્સને વહેલી તકે આ પ્રિકોશન ડોઝ લેવા માટે અનુરોધ કર્યો હતો.

## કોમર્સ કોલેજ ગોધરા ખાતે મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો



ગોધરા,

શ્રી સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એન.એસ. એસ. એકમના ઉપક્રમે બી.કોમ.ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓનો મેડિકલ ચેકઅપ કેમ્પ ગોધરાના તુલસી કિલનિકના ડોકટર દિલીપભાઈ દાસીચાણી, ઓમ ક્લિનિક શહેરાના ડો. જયદીપસિંહ સોલંકી તથા હોમિયોપેથીક નિષ્ણાત ડોક્ટર બિહારીબેન પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં ૨૪૦ જેટલા વિદ્યાર્થીઓએ ચેકઅપ કરાવ્યું હતું. ડોક્ટરઓના જણાવ્યા અનુસાર મોટાભાગે વિદ્યાર્થીઓ સવારમાં ભૂખ્યા પેટે આવતા હોવાનું તથા તેમની ઊંચાઈ અને ઉંમરના પ્રમાણમાં વજન ઓછું હોવાનું લગભગ ધ્યાનમાં આવ્યું છે. અમુક વિદ્યાર્થીઓમાં બીપીની સમસ્યા પણ જોવા મળી હતી. આમ છતાં એકંદરે ઉંમર ઊંચાઈ અને વજનમાં મોટાભાગના વિદ્યાર્થીઓ ખરા ઉતર્યા હતા. બહેનોની સમસ્યા અંગે પણ ડોક્ટર બિહારીબેન પંડ્યાએ બહેનોને શાંતિથી સાંભળી તેમના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. એકમ દ્વારા સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરી ધંધામાં સારી પ્રગતિ જણાય, કુટુંબ પરિવારમાં સુમેળ જણાય, જમીન મકાનના પ્રશ્નોમાં ગુંચવણ ઉભી થાય, લાભ હાનીને ધ્યાનમાં રાખી કામ કરવુ.

વૃષભ (બ.વ.ઉ.) : સાથી કર્મચારીથી સાધારણ પરેશાની રહેશે સંપતિને લગતા પ્રશ્નોનો સારો ઉકેલ આવશે સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી કામકાજમાં ફાયદો થશે અને મન પ્રસન્ન રહેશે.

મિથુન (ક.છ.ઘ.) : ઈમાનદારીની કસોટી થાય વિજય આપનો થાય મીત્રોની મદદથી કાર્ય સરળ બનાવી શકશો જીવનસાથી અને સંતાનોનો ભરપુર સહયોગ મળશે મહેનતના પ્રમાણમાં ઓછુ ફળ મળશે.

કર્ક (ડ.હ.) : કામકાજમાં સાથી મીત્રોનો સહયોગ મળશે નોકરી ધંધા માટે નવી તકો મળશે કરેલા કાર્યોમાં યશ અને સફળતા મળશે સંપતિને લગતા કાર્યોમાં સહયોગ મળશે.

સિંહ (મ.ટ.) : માન સન્માન અને આબરૂમાં વધારો થાય કોર્ટકેસ કે મગજમારીથી દુર રહેવુ નોકરી ધંધામા પ્રગતિના યોગો જણાય કોઈપણ નિર્ણય સમજી વિચારીને કરવો.

કન્યા (પ.ઠ.ણ.) : નાના મોટા રોકાણ માટે સમય ઉત્તમ નથી મીત્રોના સહયોગથી રોકાયેલા કામમાં પ્રગતિ થશે નોકરીમાં મહેનતના પ્રમાણમાં ઓછુ ફળ મળશે ગુસ્સા ઉપર કાબુ રાખશો તો જ કામ સુધરશે.

તુલા (ર.ત.) : નોકરી ધંધામાં ઉજ્વળ તકો મળશે કોઈપણ પ્રકારની ઉધારીથી સાચવવુ લેવડ દેવડમાં કાળજીથી કામ લેવુ કરેલી મહેનત સારુ ફળ આપશે.

વૃશ્ચિક (ન.ય.) : ઘરમાં નવી વસ્તુઓ માટે ખર્ચ કરવો પડે નોકરીમાં બઢતી અને મનપસંદ સ્થાન પ્રાપ્તિ મળે કાયદાકિય રીતે સાવચેતી રાખવી પરિવાર સાથેના સબંધોમાં સુધારો જણાય.

ધન (ભ.ધ.ફ.ઢ.) : વ્યવસાયમાં આવકના નવા રસ્તાઓ મળે અંગત સમસ્યાઓમાં તકલીફો જણાય સંપતિને લગતા પ્રશ્નોમાં સારુ સમાધાન મળે નોકરીયાતને કામનો બોજો વધે.

મકર (ખ.જ.) : ભાગીદારીમાં વૈચારિક મતભેદો સર્જાય પ્રેમ પ્રસંગોમાં નિષ્ફળતાના પ્રસંગો ઉભા થાય અભ્યાસ કે નોકરી અર્થે વિદેશપ્રવાસનું આયોજન થાય લોન કે કરજ લેવુ પડે તો સાવધાની રાખવી.

કુંભ (ગ.શ.સ.ષ.) : પિતા પિતરાઈ સાથેના સબંધોમાં સુધારો જોવા મળે આરોગ્ય બાબતે સાવચેતી રાખવી નવા કામકાજમાં ભાગીદારીથી લાભ થાય સંતાન બાબતની ચિંતામાં વધારો થાય.

મીન (દ.ચ.ઝ.થ.) : આર્થિક સ્થિતિમાં સુધારો અને રાહત અનુભવાય વારસાઈ મિલકતોનો ઉકેલ આવે નાના મોટા પ્રવાસના આયોજનો થાય સાહસથી સિદ્ધી પ્રાપ્ત થાય અને કામ સુધરે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## દે. બારીઆના રેબારી ગામના શિક્ષક પતિના સ્યુસાઈડનોટ આધારીત ફરિયાદ નોંધાતા પત્ની તેમજ સાસરીયા સહિત પ્રેમી ફરાર



**પતિના આ આપઘાત પ્રકરણમાં પોલીસ મથકે વહેલી સવારે મરણ જનાર દિલીપ પટેલનો મોટોભાઈ ફરિયાદ નોંધાવવા જતાં આ બનાવની ફરિયાદ ના નોંધાઈ તે માટે દીલીપના સાસરિયાઓ દ્વારા રાજકીય તેમજ અન્ય વગ થી અનેક ધમપછાડા કર્યા હોવાનો પણ કહેવાય રહ્યું છે. ગુન્હો નોંધાતાની સાથે જ દિલીપના સાસરીયા તેમજ તેની પત્ની સહિત તેનો પ્રેમી ફરાર થઈ ગયા હોવાનું કહેવાય રહ્યું છે. ત્યારે પોલીસ આ તમામ હાલ પોલીસ પકડ થી દુર છે. ત્યારે પોલીસ આ લોકોને ઝડપી પાડવામાં સફળ રહેશે કે કેમ?**

દાહોદ,

દેવગઢ બારીઆ તાલુકાના રેબારી ગામના ૨૯ વર્ષ વર્ષ દિલીપ ભાઈ ભેમાભાઈ પટેલ ભુતિયા ગામની હિરલ જશવંત પટેલ સાથે છ માસ અગાઉ સમાજના રીતિરિવાજ મુજબ લગ્ન થયા હતા અને લગ્નના ટૂંક સમયમાં જ પત્નીના અન્ય યુવક સાથેના પ્રેમ પ્રકરણને લઈ પત્નિ તેમજ સાસરિયાઓ દ્વારા યુવક દિલીપને શારીરિક માનસિક ત્રાસ આપી મરવા માટે તેને મજબૂર કરતા ચાર માસ સુધી સતત અત્યાચાર તેમજ માનસિક ત્રાસથી વાજ આવેલા દિલીપભાઈ પટેલે આખરે મોતને વ્હાલું કરવા માટે તા. ૬જાન્યુઆરીના રોજ વહેલી સવારે એક નવ પાનાંની સુસાઈડ નોટ લખી પોતાનાં મોબાઈલથી વોટ્સેપમાં મોકલી આપી ઝેરી દવા ગટગટાવી લેતાં સુશાઈડ નોટ મોબાઈલ ઉપર આવતા તેના એક મિત્રએ તાત્કાલિક દીલીપની તપાસ કરતા દિલીપ તેની જ ઈકો ગાડીમાં ગાડી લોક કરી બેભાન હાલતમાં પડેલો હતો તેને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો અને તે પછી ગોધરા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે રાખવામાં આવ્યો હતો. જ્યાં તેનું ચાર દિવસ પછી સારવાર દરમિયાન મોત નિપજતા દિલીપના મોટાભાઈ પર્વતભાઈ ભેમાભાઈ પટેલે સુસાઈડ નોટના આધારે તેમજ બે માસ અગાઉ દિલીપને મારતા દિલીપે તેના ભાઈને સાસરિયાઓ દ્વારામાર માર્યો હોવાની તે હકીકતના આધારે તેમજ સુસાઈડ નોટના આધારે દિલીપના સસરા જશવંત પટેલ, રતનસિંહ કાળુભાઈ પટેલ, રંગીતસિંહ કાળુભાઈ પટેલ, જનકભાઈ રણજીતસિંહ પટેલ, હર્ષદભાઈ રતનસિંહ પટેલ તેમજ તેની પત્ની હિરલબેન તેમજ હીરલનો પ્રેમી વિશાલ જે પંચેલા ગામનો છે. તેમની વિરૂદ્ધ ગુનો નોંધાવતા આ તમામ ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે દિલીપની લખેલી સુસાઈડ નોટ સોશિયલ મીડિયામાં વાયરલ થતાની સાથે જ રાજકીય વગ ધરાવતા અને સમાજ સેવાના નામે નામના મેળવનાર દિલીપના પટેલના સાસરિયાઓ વિરૂદ્ધ લોકોએ ફિટકાર વરસાવ્યો હતો અને આવા લોકોના લીધે સમાજની બદનામી થતી હોવાનું પણ લોકો કહી રહ્યા છે. ત્યારે આ ફરાર થયેલા દિલીપની પત્ની સહિત તેના સાસરિયાઓ તેમજ તેના પ્રેમીને પોલીસ વહેલી તકે ઝડપી પાડશે કે કેમ તેવા પણ અનેક સવાલો ઉઠવા પામ્યા છે. ત્યારે આ બનાવ થી પંથકમાં સમાજનાં આ આગેવાનોના આ કૃત્ય થી સમાજમાં જાણે કાળી ટીલી લાગી ગઈ હોઈ તેમ કહેવાય રહ્યું છે. બીજી તરફ ફરીયાદ નોંધાયા પછી તા ૧૧ જાન્યુઆરીના રોજ દિલીપ પટેલનો મૃતદેહ ગોધરા થી તેના ગામ રેબારી લાવતા પરિવારજનો સહિત ગ્રામજનો તેમજ શિક્ષક મિત્રો સહિત તેના અનેક મિત્રો મોટી સંખ્યામાં તેની અંતિમ યાત્રામાં જોડાયા હતા. ત્યારે તેની અંતિમયાત્રા નિકળતા પરિવાર સહિત ગામ જાણે હિબકે ચડયું હોય તેમ ગમગીની છવાયેલી જોવા મળી હતી.

- શિક્ષકની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા.
- શિક્ષક પતિના આપઘાત પ્રકરણમાં અનેક મોટા માથા ફરિયાદ દાખલ ના થાય તે માટેના પ્રયત્નો કર્યા હોવાની ચર્ચા.
- રાજકીય વગ ધરાવતા સાસરીયા દ્વારા બનાવની ફરિયાદ દાખલ ના થાય તેવા અનેક પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હોવાની ચર્ચા.
- પોલીસ ફરિયાદ નોંધાતા પત્ની સહિત સાસરિયાઓ તેમજ પ્રેમી ફરાર.
- સમાજમાં આગેવાન તેમજ રાજકીય વગ ધરાવતા આ સાસરિયાઓના કૃત્યથી સમાજમાં જાણે કાળી ટીલી લાગી.
- રાજકીય વગ ધરાવતા આ યુવકના સાસરિયાઓને પોલીસ પકડશે કે કેમ.
- દેવગઢ બારીઆ તાલુકાના રેબારી ગામના યુવકના આપઘાત પ્રકરણમાં નોંધાયેલી ફરિયાદના કારણે પત્ની સહીત સાસરિયાં ઓ તેમજ પ્રેમી ફરાર પોલીસ આ તમામને ઝડપી પાડવામાં સફળ થશે કે કેમ જેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

## ફતેપુરા તાલુકાની સાડા બાર વર્ષીય સગીરાનું લગ્નના ઈરાદે લખણપુરના આરોપી દ્વારા અપહરણ કરાતાં ફરિયાદ

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં પુખ્ત વયની મહિલાઓ તથા સગીર વયની બાળ કિશોરીઓના પત્ની તરીકે રાખવાના ઈરાદાથી અપહરણના બનાવો વધી રહ્યા છે. જેમાં ખાસ કરીને થતા અપહરણના બનાવમાં પુખ્ત ઉંમરની કન્યાઓ કરતા સગીર વયની બાળ કિશોરીઓના અપહરણની સંખ્યા વધુ પ્રમાણમાં વધી રહી હોવાનું જોવા અને જાણવા મળે છે. જે પૈકી મોટાભાગના કિસ્સાઓમાં સમાધાન થઈ જતાં તેવા કિસ્સા પ્રકાશમાં આવતા નથી. પરંતુ પંથકમાં બનતા અન્ય ગુન્હાઓથી અડધા ભાગના કિસ્સાઓ પુખ્ત તથા સગીર વયની કિશોરીઓને સમજાવી પટાવી પત્ની તરીકે રાખવાના ઈરાદાથી અપહરણ કરી જવાના કિસ્સાઓ દિનપ્રતિદિન વધી રહ્યા છે ત્યારે આવા કિસ્સાઓ ઉપર રોક લગાવવા અપહરણ જેવા બનાવોમાં સંડોવાયેલા આરોપીઓની સામે કાયદાકીય જોગવાઈઓ મુજબ કડક હાથે કામ લેવામાં આવશે તો જ આવા બનાવો ઉપર અંકુશ લાવી શકાશે નહીં તો ફતેપુરા તાલુકામાં અપહરણના બનાવો કાયદાકીય દ્દષ્ટિએ જોતા એક સામાન્ય મુદ્દો બનીને રહી જશે તેમાં કોઈ બેમત નથી.

જાણવા મળેલી વિગતો મુજબ ફતેપુરા તાલુકાના એક ગામની ૧૨વર્ષ૬ માસ ની સગીરા ગત ૨૧. ડિસેમ્બર-૨૦૨૧ ના રોજ રાત્રિના દસેક વાગ્યાના અરસામાં જમી પરવારી ઘરની ઓસરીમાં પરિવારના સભ્યો સાથે ઊંઘી ગયેલી હતી. ત્યારબાદ બીજા દિવસે સવારમાં ઘરના સભ્યો પાંચેક વાગ્યે જાગતા બાજુના ખાટલામાં સૂતેલી સગીરા જોવા મળેલ નહિ.ત્યારબાદ તેની આસપાસમાં તથા પરિચિતો અને સગા સંબંધીઓમાં ભાળ મેળવવા છતાં તેનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ત્યારબાદ બીજા દિવસે સવારના સગીરાના પિતા ઉપર મોબાઈલથી જણાવેલ કે, હું લખણપુર થી લાલસીંગભાઈ બચુભાઈ ચારેલ બોલું છું અને તમારી છોકરીને મારો છોકરો હિતેશ લઈ આવેલ છે. તેમ કહેતા સગીરાના પિતાએ લખણપુર ગામના લાલસીંગભાઈ ચારેલના ઘરે પંચના માણસો મોકલેલા અને લખણપુર જઈ સગીરાનો કબજો પરત સોંપી દેવા જણાવતા લાલસીંગભાઈ ચારેલે જણાવેલ કે,મારો છોકરો હિતેશ તમારી છોકરી ને લઈ આવેલ છે. પરંતુ તેઓ હાલ બહારગામ જતા રહેલ છે અને અમો છોકરા-છોકરીની શોધખોળ કરી પકડી લાવી તમારી પુત્રીનો કબજો તમોને પરત સોંપી દઈશુ તેમ જણાવતા પંચના માણસો પરત આવતા રહ્યા હતા. ત્યારબાદ પંદર દિવસ ઉપરાંતનો સમય વીતી જવા છતાં સગીરાનો કબજો તેના પિતાને પરત નહીં સોંપતાં તેની ૧૦. જાન્યુઆરી-૨૦૨૨ ના રોજ સુખસર પોલીસ સ્ટેશનમાં કાયદેસર ફરિયાદ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ઉપરોકત બાબતે સગીરાના પિતાએ સુખસર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતાં અપરણમાં સંડોવાયેલ હિતેશભાઈ લાલસીંગભાઈ ચારેલની વિરૂદ્ધમાં આઈપીસીની કલમ મુજબ અપરણ, ગેરકાયદેસર ગોંધી રાખવા તથા પોક્સો મુજબ ગુનો દાખલ કરી સગીરા મળી આવ્યે બળાત્કારની કલમનો ઉમેરો થઈ શકે તેવી શકયતા સાથે આગળની તપાસ હાથ ધરી આરોપીની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.

## દાહોદમાં ૧૦૮ ઈમરજન્સી સેવા એમ્બ્યુલન્સ-ડે ની ઉજવણી કરી

દાહોદ,

૮ જાન્યુઆરી 'એમ્બ્યુલન્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે આજે શનિવારના રોજ દાહોદ જિલ્લામાં ૩૨ એમ્બ્યુલન્સના ૬૪ જેટલા કર્મચારીઓ એમ્બ્યુલન્સની સાફ-સફાઈ કરી હતી. ઉપરાંત તેમાં આવેલા માનવજીવન બચાવવાના સાધનોની પણ સાર-સંભાળ લઈ આવનારા દિવસોમાં વધુ લોકોનો જીવ બચાવીશું એવી પ્રતિજ્ઞા કરવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સેવા છેલ્લા ૧૪ વર્ષથી લોકોનો જીવ બચાવવાનું ઉત્તમ કામ કરી રહી છે. જ્યારે પણ કોઈ ઈમરજન્સી આવે તો તે સમયે ૧૦૮ ઈમરજન્સી સેવા હંમેશા લોકોના પડખે ઉભી રહે છે. કોરોનાની મહામારી હોય કે પછી માર્ગ અકસ્માત હોય પ્રસૃતિને લગતી ઈમરજન્સી હોય ૧૦૮ ઈમરજન્સી સેવા હરહંમેશ કોઈપણ ઈમરજન્સીને પહોંચી વળવા તૈયાર રહે છે. નોંધનીય છે કે, આજે ૮ જાન્યુઆરી 'એમ્બ્યુલન્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે જી.વી.કે.ઈ. એમ.આર.આઈ. દાહોદ ૧૦૮ ઈમરજન્સી સેવાએ એમ્બ્યુલન્સ ડેની ઉજવણી કરી હતી. નોંધનીય છે કે, આ અંગેની વિશેષ જાણકારી દાહોદ જિલ્લાના ૧૦૮ ઈમરજન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર દિનેશ ઉપાધ્યાય તેમજ દાહોદ જિલ્લાના ૧૦૮ ઈમરજન્સી સેવાના Executive મનોજ વિશ્વકર્માને આપી હતી.

## દાહોદના સુખદેવ કાકા કોલોનીના ઘરોમાં ગટરનું ગંદુ પાણી ભરાતા રહીશો પરેશાન



દાહોદ,

દાહોદ શહેરના સુખદેવ કાકા કોલોની ખાતે છેલ્લા કેટલાક સમયથી ગટરનાં ગંદા પાણી ઘરોમાં ઘૂસી જાય છે. જેને પગલે સ્થાનિકોમાં ભારે રોષની લાગણી ઉઠવા પામી છે અને તંત્રને અનેકવાર રજૂઆત કરવા છતાં પણ કોઈજાતની ચોક્કસ કામગીરી કરવામાં ન આવી હોવાના આક્ષેપો પણ સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહ્યા છે.

સુખદેવ કાકા કોલોનીમાં સ્થાનિકો દ્વારા પાછલા ઘણા સમયથી રજૂઆત કરવામાં આવે છે કે, તેમના ઘરમાં અને રોડ પર ગટરનું પાણી આવી જાય છે, પણ પ્રસાશન દ્વારા હજુ સુધી કોઈ પણ પગલાં લેવામાં આવ્યા નથી. બીજી બાજુ જોવા જઈએ તો આ વોર્ડના કોઉન્સિલર પણ પોતાના વિસ્તારની સમસ્યાઓ આગળ આંખ આડા કાન કરે છે. વિકાસની મોટી મોટી વાતો કરવાવાળા જનતાના સ્થાનિક પ્રશ્નો હલ કરવામાં પણ નિષ્ફળ છે. સ્થાનિકો દ્વારા ઘણીવાર રાજુવાત કરવા છતાં હજુ નિકાલ આવ્યો નથી. પ્રસાશન ખાલી ઉત્સવો મનાવવામાં લાગેલી છે. જેવા અનેક આક્ષેપો સાથે સ્થાનિક રહીશો ભારે હેરાન પરેશાન છે અને સ્થાનિકોમાં તંત્રની કામગીરીને લઈને પણ ભારે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા સુખદેવકાકા ચાલના રહીશો અને સુખ સુવિધાઓને ધ્યાનમાં રાખી જો કે, કામગીરી કરવામાં આવે તે અત્યંત આવશ્યક બન્યું છે.

## દાહોદ જીલ્લા કોન્ટ્રાકટર એસોશીએસન દ્વારા સ્ટીલ, સીમેન્ટ, ઈંટોના ભાવો અંગે કલેકટરને આવેદન



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત રાજ્યમાં ચાલતાં સરકારી કામોમાં વપરાતા ગુજરાત રાજ્ય રાજ્ય બાંધકામ ક્ષેત્રે વપરાતા સ્ટીલ, સિમેન્ટ, ડામર, રેતી, કપચી, ઈંટો સહિતના મટીરીયલ તેમજ ટ્રાન્સપોર્ટેશન તમજ અન્ય બિલ્ડીંગ મટીરીયલ તેમજ કારીગરો અને મજુરીના ભાવોમાં થયેલ અસહ્ય ભાવ વધારા તથા કોન્ટ્રાક્ટોના અન્ય પ્રશ્નો તેમજ તેના નિરાકરણ બાબતે આજરોજ દાહોદ જિલ્લા કોન્ટ્રાક્ટર એસોશીએશન દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજુઆત કરી હતી.

દાહોદ જિલ્લા કોન્ટ્રાક્ટર એસોશીએશન દ્વારા દાહોદ જિલ્લા કલેકટરને આપવામાં આવેલ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, ગુજરાત સરકારમાં માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, નિગમો, પંચાયતો, અર્બન ડેવલપમેન્ટો વિભાગ, પોલીસ આવાસો, નગરપાલિકાઓ તેમજ અન્ય વિભાગોમાં કોન્ટ્રાક્ટરો વર્ષોથી જુના ભાવે કામો કરી રહ્યાં છે. તાજેતરમાં ગુજરાત રાજ્યમાં બાંધકામ ક્ષેત્રે વપરાતાં સ્ટીલ, સિમેન્ટ, ડામર, રેતી, કપચી, ઈંટો સહિતના અન્ય બિલ્ડીંગ મટીરીયલ્સ તેમજ ટ્રાન્સપોર્ટેશન તથા કારીગરો અને મજુરીના ભાવોમાં આશરે ૩૦ ટકા થી ૪૦ ટકા જેટલો ભાવ વધારો થયેલ છે. જેથી ચાલુ કામો કોન્ટ્રાક્ટરો દ્વારા જુના ભાવે પુરા કરવા શક્ય નથી. ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોશીએશનના પ્રતિનિધિઓ ગુજરાત રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગના મંત્રીને તારીખ ૦૭.૧૨.૨૦૨૧ના રોજ રૂબરૂ મળી આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ભાવ વધારા અંગે તેમજ કોન્ટ્રાકટરોના અન્ય પ્રશ્નો અંગે રજુઆત કરવામાં આવી હતી. તેમ છતાં સરકાર દ્વારા કોઈ હકારાત્મક પ્રતિભાવ ન મળતાં આ અંગે ગુજરાત કોન્ટ્રાક્ટર્સ એસોશીએશનની મીટીંગ તારીખ ૦૩.૦૧.૨૦૨૨ના રોજ અમદાવાદ ખાતે બોલાવવામાં આવી હતી. જેમાં અનેક પ્રશ્નો સંબંધી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જેમાં બાંધકામ ક્ષેત્રએ વપરાતાં સ્ટીલ, સિમેન્ટ, ડામર, રેતી, કપચી, ઈંટો સહિતના મટીરીયલ તેમજ ટ્રાન્સપોર્ટેશન તેમજ અન્ય બિલ્ડીંગ મટીરીયલ્સ તેમજ કારીગરો એ મજુરીના ભાવોમાં થયેલ અસહ્ય ભાવ વધારો, આયાતી ડામર વપરાશ માટેના નવા જી.આર. અંગે, સ્ટાન્ડર્ડ બીડીંગ ડોક્યુમેન્ટનો અમલ કરવા બાબત, ચાલુ કામોમાં જી.એસ.ટી. વધારાની ભરપાઈ, ટેન્ડરોની કિંમત જી.એસ.ટી. સિવાયની કરવા બાબત, શિડ્યુલ ઓફ રેટ્સ અપડેટ કરવા બાબત તેમજ અન્ય પડતર પ્રશ્નોનું નિરાકરણ કરબા બાબતે આજરોજ દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

## દે.બારીઆ થી ઝાલોદ તરફ યુરીઆ ખાતર ભરેલ ટ્રકને LCB પોલીસે ઝડપ્યો




તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ થી ઝાલોદ તરફથી દાહોદ એલ.સી.બી. પોલીસે ગેરકાયદે ૫૫૦ થેલી ભરેલ યુરીયા ખાતર ભરેલ ટ્રક ઝડપી પાડી ચાલકની અટક કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લામાં એક તરફ ખેડુતો ચિંતામાં છે અને ખેતી કામમાં પણ ખેડુત મિત્રોને ખાસ ઉપજુ નથી અને જિલ્લામાં ઘણા એવા પરિવારો છે. જે માત્ર ખેતીકામ ઉપર પોતાનું જીવન વ્યતીત કરે છે અને ખેતીકામમાંજ રોજીરોટી કમાઈ જીવન ગુજારે છે. ત્યારે આવા સમયે ખાતરના કાળા બજારીઓ પણ ગરીબ ખેડુતોની મજબુરીનો લાભ લઈ ઉંચા ભાવે યુરીયા ખાતરનું વેચાણ કરતાં હોય છે. ભુતકાળમાં પણ ખાતરના કાળા બજારીઓમાં સામે ઘણા લોકોએ તંત્ર સમક્ષ રજુઆત પણ કરી હતી. ત્યારે આજરોજ દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ થી ઝાલોદ તરફથી ગેરકાયદેસર રીતે યુરીયા ખાતર ભરેલ ટ્રક પસાર થતી હોવાનું દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી સ્થળ પર ઉભા હતાં. તે સમયે ત્યાંથી એક ટ્રક પસાર થતાં પોલીસે તેને ઉભી રખાવી હતી અને જરૂરી તપાસ અને પુછપરછ હાથ ધરતાં પોલીસને ચાલક પાસેથી કોઈ સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેથી પોલીસે ટ્રકમાં તલાસી લેતાં તેમાંથી ગેરકાયદેસર યુરીયા ખાતરની ૫૫૦ થેલીઓ જેની કુલ કિંમત રૂા.૧,૬૫,૦૦૦/-નો જથ્થો કબજે કર્યો હતો. આટલા મોટા પ્રમાણમાં ગેરકાયદે યુરીયા ખાતરનો જથ્થો કોની પાસેથી લાવવામાં આવ્યો હશે અને કોણે મંગાવ્યો હશે? તે તમામ દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## રાજ્ય સરકારે કોરોના સંક્રમણ સંબધે લીધેલા નિર્ણયોના સંદર્ભે દાહોદ જિલ્લામાં કલેક્ટરએ જાહેરનામા દ્વારા આદેશો કર્યા



દાહોદ,

રાજ્ય સરકારે કોરોના નિયંત્રણ કરવા માટે લીધેલા નિર્ણયોને અનુસંધાને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ કોરોના સંબધે કેટલાંક આદેશો જાહેર કર્યા છે. આ આદેશો આગામી તા. ૧૫ જાન્યુઆરી સુધી અમલમાં રહેશે. જાહેરનામા મુજબ, જિલ્લામાં તમામ પ્રકારના રાજકીય, સામાજિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, ધાર્મિક કાર્યક્રમો જેવા જાહેર સમારંભો તેમજ ધાર્મિક સ્થળોએ ખુલ્લામાં મહત્તમ ૪૦૦ વ્યક્તિઓ પરંતુ, બંધ સ્થળોએ જગ્યાની ક્ષમતાના ૫૦ ટકા અથવા મહત્તમ ૪૦૦ વ્યકિતઓની મર્યાદામાંએકત્રિત થઇ શકશે. લગ્નપ્રસંગમાં પણ આ જ નિયમ લાગુ પડશે અને આ માટે ડિજિટલ ગુજરાત પર નોંધણી કરાવવાની રહેશે. જ્યારે અંતિમ ક્રિયા માટે ૧૦૦ વ્યક્તિઓની મંજુરી રહેશે. પબ્લિક તથા પ્રાઈવેટ બસ ટ્રાન્સપોર્ટમાં નોન એસી બસ સેવાઓ ૭૫ ટકા ક્ષમતા સાથે જ્યારે એસી બસ સેવાઓ મહત્તમ ૭૫ ટકા પેન્સેજર કેપેસીટીમાં ચાલુ રહેશે. બસ સેવાને રાત્રી કર્ફ્યુમાંથી મુક્તિ આપવામાં આવી છે. સિનેમા હોલ બેઠક ક્ષમતાના ૫૦ ટકા અને જિમ સમાવેશ ક્ષમતાના ૫૦ ટકા સાથે ચાલુ રાખી શકાશે. વોટર પાર્ક અને સ્વિમિંગ પુલ ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રાખી શકાશે. વાંચનાલયો, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ, મનોરંજક સ્થળો બેઠક ક્ષમતાના ૫૦ ટકાથી ચાલુ રાખી શકાશે. જાહેર બાગબગીચાઓ રાત્રીના ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે. ધોરણ ૯ થી પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્ષ સુધીના કોચીંગ સેન્ટરો, ટ્યુશન કલાસીસ તેમજ તમામ પ્રકારની સ્પર્ધાત્મક ભરતી અંગેની પરીક્ષાઓ માટેના કોચિંગ સેન્ટરો સ્થળની ક્ષમતાના મહત્તમ ૫૦ ટકા વિદ્યાર્થીઓ સાથે ચાલુ રાખી શકાશે. શૈક્ષણિક સંસ્થાઓ શિક્ષણ વિભાગ દ્વારા બહાર પાડવામાં આવતી સૂચનાઓને આધિન ચાલુ રાખી શકાશે. શાળા, કોલેજ અન્ય સંસ્થાઓની પ્રવેશ-ભરતી-સ્પર્ધાત્મક પરીક્ષાઓ કોરોના ગાઈડ લાઈન પાલનની શરતે યોજી શકાશે. સ્પોર્ટસ કોમ્પલેક્ષ-સ્ટેડિયમ-સંકુલમાં રમતગમત પ્રેક્ષકોની ઉપસ્થિતિ વગર ચાલુ રાખી શકાશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરાશે.

## દાહોદમાં મંગળવાર ના દિવસે ૨૩ કોરોના પોઝીટીવ કેસ આવ્યા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૨૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાવવા પામ્યાં છે. દાહોદ અર્બન વિસ્તારમાંથી દિનપ્રતિદિન કેસો વધી રહ્યાં છે. આજના ૨૪ કેસો સાથે કુલ એક્ટીવ કેસની સંખ્યા ૧૩૬ને પાર થઈ ચુંકી છે.

આર.ટી.પી.સી.આર. ના ૧૧૯૬ પૈકી ૧૬ અને રેપીટ ટેસ્ટના ૭૦૧ પૈકી ૦૭ મળી આજે કુલ ૨૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૨૩ પૈકી ૧૯ દાહોદ અર્બન, ૦૨ દાહોદ ગ્રામ્ય એક ગરબાડા અને એક ફતેપુરામાંથી સામે આવ્યાં છે. આજે વધુ ૦૩ દર્દી કોરોનાથી સાજો થતાં તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. એક્ટીવ કેસની કુલ સંખ્યા ૧૩૬ને પાર થઈ ચુકી છે. દાહોદ જિલ્લામાં વધતાં કોરોના સંક્રમણના કેસોને લઈ જિલ્લા આરોગ્ય તંત્ર સમેત વહીવટી તંત્રએ કોરોના સંક્રમણને અટકાવવા કામગીરી હાથ ધરી છે.

## દાહોદની પરણિત યુવતિએ વડોદરા થી મોડાસા સુધી ૪૦૦ કિ.મી. સાયકલીંગ પ્રવાસ કર્યો




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદની રહેવાસી અને વડોદરા ખાતે લગ્ન કરેલ એવી એક પરણિત યુવતી વડોદરાથી મોડાસા સુધી ૪૦૦ કિ.મી. સુધી સાયકલીંગ કરી સફળતા પુર્વક પ્રવાસ છેડ્યો છે. આ યુવતીનું વજન વધારે હોવાને કારણે સૌ પ્રથમવાર તેને સાયકલીંગ ચલાવવાનું શરૂ કર્યું હતું અને બાદમાં સાયકલીંગ પેશન થઈ જતાં સાયકલીંગ કરવા આગળ વધ્યાં હતાં.

પ્રિયંકાબેન જીજ્ઞેશભાઈ પરમાર જેઓ દાહોદના વતની છે અને વડોદરા ખાતે લગ્ન કરેલ છે અને હાલ તેઓ વડોદરા ખાતે રહે છે. લગ્ન જીવન દરમ્યાન સંતાનમાં દંપતિને એક વર્ષનું બાળક પણ છે. લગ્ન બાદ પ્રિયંકાબેનનું વજન ૧૫ કિલો વધી ગયું હતું જેને ઓછુ કરવા માટે પ્રિયંકાબેને વજન ઘટાડવા માટે દરરોજ સાયકલીંગ કરી ૧૫ કિલોથી વધારે વજન ઓછુ કર્યું હતું. આ બાદ પ્રિયંકાબેન માટે સાયકલીંગ એક પેશન થઈ ગયું હતું અને સાયકલીંગના ક્લબમાં જોડાઈ ગયાં હતાં. સાયકલીંગ ક્લબમાં જોડી લોંગ ડિસ્ટ્ન્સ સાયકલીંગ ચાલુ કર્યું હતું જેમાં અત્યાર સુધી સ્ટેચ્યુ ઓફ યુનિટી, વલસાડ, દહાનું. અમદાવાદ, પાલનપુર, બરોડા, મોડાસા, સાયકલીંગ કર્યું હતું. જેમાં ૪૦૦ કિ.મી. અંતર ૧૨ કલાકમાં પુરૂં કર્યું હતું. હવે પ્રિયંકાબેન ૬૦૦ કિ.મી.ની સાયકલીંગ માટેની તૈયારી કરી રહ્યાં છે. પ્રિયંકાબેનને તેમના પતિ તથા પરિવારનો સારો એવો સાથ અને સહકાર મળી રહ્યો છે. જ્યારે પ્રિયંકાબેન સાયકલીંગ માટે જાય છે. ત્યારે તેઓના પતિ પોતાના ૧ વર્ષના બાળકની પુરેપુરી સારસંભાળ લે છે. પ્રિયંકાબેનની ઈચ્છા છે કે, તેઓ દાહોદના રહેવાસી હોવાથી દાહોદમાં સાયકલીંગ ક્લબ ખુલે જેના માટે પણ તેઓ પ્રયાસ કરી રહ્યાં છે.

## દે. બારીઆ તાલુકામાં જંગલ ખાતાની જમીનમાં અમુક ખેડૂતોએ દબાણ કર્યું હોવાની ચર્ચાઓ

દાહોદ,

બહુ વર્ષોથી જંગલ ની જમીન જે ખેડૂતો ખેડાણ કરતા હતા. તેમના માટે સરકાર તરફથી કાયદેસરની સનદ વિતરણનો કાર્યક્રમ વર્ષો પહેલા દેવગઢ બારીઆ ખાતે તે સમયના મહેસુલ મંત્રીની ઉપસ્થિતિમાં રાખવામાં આવ્યો હતો અને સનદો પણ આપવામાં આવી હતી. જે પછી જંગલ ખાતામાં જમીન પોતાના બાપદાદા ખેડાણ કરતા હોવાના કેટલાય ખેડૂતો એ પુરાવા રજૂ કરી જમીન મેળવવા માટે જરૂરી કાગળો જંગલ ખાતામાં રજૂ કર્યા હતા.

મોટાભાગે દેવગઢ બારીઆ તાલુકાનું કોઈ ગામ બાકી નહીં હોય કે જે ગામમાં જંગલની જમીન મેળવવા માટે ખેડૂતો એ અરજીઓ નહીં કરી હોય જેમાંથી ઘણા અરજદારો એવા હશે કે તેમના બાપદાદા એ કદાચ જંગલમાં જમીનનું ખેડાણ પણ નહીં કર્યું હોય અને મફતની જમીન મેળવવા જોઈતા પુરાવા ઉભા કરી ફાઈલો તૈયાર કરી મોકલી દીધી હશે. જંગલની જમીન જેમને મળવાપાત્ર હતી તેમને કાયદેસરની સનદ સરકાર તરફથી આપવામાં આવેલ હતી. તે ખેડૂતો જમીનના હક્કદાર છે પછી પણ કેટલાય ખેડૂતો એ પોતાને મળતી જમીન ઉપરાંત વધારે જમીન ની માપણી કરાવી હાલમાં ખેડાણ કરતા હોવાની ચર્ચા ઓ ગામડા માં ચાલી રહી છે. જે ગામમાં જંગલ ખાતાની જમીનનો જેટલો વિસ્તાર છે. તેના કરતા તો જમીન મેળવવા માટે અરજીઓની ફાઈલો વધારે હોવાની ખાનગી માહિતી મળી છે. જે વાત ઉપરથી ફલિત થાય છે કે, જમીન લેવા માટે ખોટા પુરાવા નો ઉપયોગ કરી જંગલ ખાતાના અધિકારીઓને ગેરમાર્ગે દોરી રહ્યા છે. કેટલાક ખેડૂતોએ પોતાને મળેલી જમીન ની નજીક હજુપણ જમીન અમને મળશે તેવું વિચારી ગેરકાયદેસર રીતે ખેડાણ કરી રહ્યા હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. દેવગઢ બારીઆ વનવિભાગના આરએફઓ પુરોહિત નાઓ સાથે આ અંગે ટેલિફોનિક વાત કરતા જાણવા મળ્યું હતું કે, જે ખેડૂતો એ ગેરકાયદેસર રીતે જંગલની જમીનમાં દબાણ કર્યું છે. તેવા દબાણો ટૂંક સમયમાં માપણી કરી દબાણ ખુલ્લું કરવામાં આવશે.

આમ દેવગઢ બારીઆ તાલુકામાં જંગલની જમીનમાં ગેરકાયદેસર રીતે થયેલા દબાણો તંત્ર દ્વારા હટાવી તે જમીનમાં વૃક્ષારોપણ થાય તે અતિજરૂરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.120

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા તાલુકાના અનુ.જનજાતિના લાભાર્થીઓને

# જાતિના પ્રમાણપત્ર મેળવવા પડતી હલાકીને લઈ જીલ્લા પંચાયત દંડક દ્વારા સામાજીક ન્યાય અધિકારીકતાના મંત્રીને રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને જાતિનું પ્રમાણપત્ર મેળવવામાં થતી હાલાકી વેઠવી પડતી હોય આ બાબતે જીલ્લા પંચાયત દંડક દ્વારા રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીના મંત્રીને લેખિતમાં રજુઆત કરી.

પંચમહાલ જીલ્લાના ગોધરા તાલુકાના અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને જાતિના પ્રમાણપત્રો મેળવવા માટે ગોધરા મામલતદાર, કચેરી તાલુકા પંચાયત કચેરી અને તકેદારી કચેરીઓમાં ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીને આવવું પડે છે. તેમાં પણ ઈન્ટરનેટ કનેકટીવીટી, એફીડેવીટ, સોગંદનામા માટે લાભાર્થીઓને બે થી ત્રણ દિવસ ધકકા ખાવા પડે છે. અનુસૂચિત જનજાતિ લાભાર્થીઓને આ દાખલો મેળવવા માટે મામલતદાર કચેરી એ એ.ટી.વી.ટી. કરીને મામલતદાર કચેરી ગોધરા ખાતેથી આપવામાં આવતો હતો. તેને સ્થાનિક સ્વરાજની ચુંટણીઓના સમયગાળા દરમિયાન તાલુકા વિકાસ અધિકારી અને મામલતદાર દ્વારા જાતિનો દાખલો આપવાનું બંધ કરેલ છે. અને તકેદારી અધિકારી પણ જાતિનો દાખલો આપતા નથી. જેને લઈ વિદ્યાર્થીઓને શિષ્યવૃતીનો લાભ મળતો નથી. એન.એમ.એસ.ની પરીક્ષા માટે પણ જાતિના દાખલાઓ અપલોડ કરવાના હોય છે. જાતિનો લાખલો નહિ મળવાથી વિદ્યાર્થીઓ નેશનલ મેરીટ મિન્સ સ્કોલરશીપના લાભ થી વંચિત રહી ગયેલ છે.

ગોધરા તાલુકામાં હાલમાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને જાતિના દાખલો મેળવવા માટે ગોધરા મામલતદાર પાસે જાય તો તાલુકા વિકાસ અધિકારી પાસે મોકલવામાં આવે છે. તાલુકા કચેરી થી લાભાર્થીને તકેદારી કચેરી કે મામલતદાર કચેરી મોકલીને ધક્કાઓ ખવડાવતા લાભાર્થી ગ્રામજનોમાં ભારો રોષ જોવા મળ્યો છે. ગોધરા તાલુકામાં અનુસૂચિત જન જાતિનો દાખલો આપવા માટે મામલતદાર અધિકૃત અધિકારી છે. અને એ.ટી.વી.ટી.માં તેઓના નામની પ્રિન્ટ નિકળે છે. જેથી આ દાખલા ઉપર મામલતદાર તે દાખલા ઉપર સહી કરવાની થાય છે પરંતુ મામલતદાર સહી નહી કરી લાભાર્થીઓને ધકકા ખવડાવે છે. ગોધરા તાલુકામાં મોટાભાગે ગામડાઓમાં આદિવાસી સમાજની વસ્તી છે. આ સમાજના બાળકો અભ્યાસ કરતા હોય અને શિષ્યવૃતિ માટે જાતિનો દાખલો ફરજીયાત છે. પરંતુ હાલ જાતિના દાખલા મળતા નથી. તેને લઈ પંચમહાલ જીલ્લા પંચાયતના દંડક અરવિંદસિંહ પરમાર દ્વારા રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીના મંત્રી પ્રદિપભાઈ પરમારને લેખિત રજુઆત કરીને ગોધરા તાલુકાના અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને જાતિના દાખલા માટે પરિપત્ર કરી અધિકૃત કચેરી માટે નિમણૂંક કરવા અથવા સ્થાનિક કક્ષાએ ઈ-ગ્રામ પંચાયતો માંથી જાતિના દાખલા મળે તેવી વ્યવસ્થા કરવા ઘટતું કરવા રજુઆત કરાઈ છે.

## શહેરા વનવિભાગના RFO રોહિત પટેલે ગેરકાયદેસર લાકડા ભરેલી ટ્રક ઝડપી પાડી


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરાના છાણીપ ગામ પાસેથી ફોરેસ્ટ વિભાગે ગેરકાયદેસર પંચરવ લાકડા ભરેલ ટ્રક પકડી પાડી હતી. લાકડા ભરેલ ટ્રકના ચાલક પાસે જરૂરી કાગળ માંગતા મળી ના આવતા વન વિભાગે બે નંબરી લાકડા અને ટ્રક મળી રૂપિયા ત્રણ લાખ થી વધુ નો મુદામાલ જપ્ત કરીને વધુ તપાસ હાથધરી હતી.

શહેરા-રેણા મોરવા માર્ગ પર દિવસ અને રાત્રિ દરમિયાન ગેરકાયદેસર લાકડા ભરેલ વાહનોની અવર-જવર વધી જતા ફોરેસ્ટ વિભાગના આર.એફ.ઓ રોહિત પટેલ, ફોરેસ્ટર જે.ટી. મકવાણા, બીટગાર્ડ બી.ડી. ઝરવરીયા, આર.બી. રાઠવા તેમજ એસ.એન. ધોરાડિયા સહિતનો સ્ટાફ પ્રેટોલિંગમાં હતા. તે દરમિયાન છાણીપ ગામ પાસે થી પસાર થતી લાકડા ભરેલ ટ્રક નંબર GJ 23 Y 0675 તેને ઊભી રાખવા માટે હાથ કરતા ઊભી રાખી હતી. ટ્રકના ચાલક પાસે લાકડાની હેરાફેરી કરવા માટેના જરૂરી કાગળો માંગતા તે આપી નહીં શકતા જેથી ફોરેસ્ટ વિભાગ દ્વારા બે નંબરી લાકડા ભરેલ ટ્રકને કચેરી ખાતે લાવીને તપાસ હાથધરી હતી. પંચરવ લાકડા અને ટ્રક મળી રૂપિયા ત્રણ લાખ થી વધુનો મુદામાલ જપ્ત કર્યો હતો. ફોરેસ્ટ વિભાગ એ ટ્રક મા રહેલ પંચરવ લાકડા ક્યાંથી ભરેલ અને ક્યા ખાલી કરનાર હોય તે દીશામાં તપાસનો દોર શરૂ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, શિયાળા મા પંચરવ લાકડાની માંગ વધુ હોવાથી બે નંબરી લાકડાનો ધંધો કરતા વેપારીઓ જવાબદાર તંત્રથી છૂપી રીતે ટ્રકોમાં વનવિભાગની મંજૂરી વગર બેરોકટોક લાકડાની હેરાફેરી કરતા હોય ત્યારે વન વિભાગે અણીયાદ તરફ અને હાઈવે માર્ગ ઉપર ટીબા પાટીયા પાસે વોચ ગોઠવીને લાકડાની હેરાફેરી થતી અટકાવી જોઈએ તે જરૂરી છે. જોકે, વનવિભાગના આર.એફ.ઓ. રોહિત પટેલ દ્વારા વૃક્ષોનું નિકંદન થતું અટકાવવામાં આવવા સાથે તેઓ એક કડક અધિકારી તરીકેની છાપ ધરાવતા હોવાથી તેમની સારી કામગીરીને પર્યાવરણ પ્રેમીઓએ પણ બિરદાવી હોય ત્યારે બે નંબરની લાકડાની હેરાફેરી સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પર્યાવરણ પ્રેમીઓ માંથી હાલ ઉઠવા પામી હતી.

## ઘોઘંબા પંથકમાં વાઘ અને દિપડાના માનવ હુમલાના વાયરલ વિડીયો ખોટા : વન વિભાગ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વાઘ અને દીપડા દ્વારા માનવ પર હુમલો કરવામાં આવ્યા હોવાના સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા ફોટો અંગે વન વિભાગ દ્વારા તપાસ બાદ આવી કોઈ ઘટના જ ન બની હોવાનું સામે આવ્યું છે. સોશિયલ મીડિયામાં ફોટોગ્રાફ્સ વાયરલ થયા બાદ સ્થાનિક લોકોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. ત્યારે સ્થિતિ ''વાઘ આવ્યો વાઘ આવ્યો''જેવી થવા પામી છે.

પંચમહાલ જિલ્લાના ઘોઘમ્બા તાલુકામાં આવેલા ગોયાસુંડલ ગામ અને તેની આસપાસ આવેલા જંગલ વિસ્તારમાં વાઘ અને દીપડો આવી માનવ પાર હુમલો કરવામાં આવ્યો હોવાના ફોટા અને મેસેજ સોશિયલ મીડિયામાં ખુબ જ વાયરલ થતા સ્થાનિક વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગત વર્ષે આજ સમય દરમિયાન આજ ગામમાં દિપડાના હુમલા થવાને લઈને ૩ ના મોત થયા હતા. જયારે ૨ ને ઈજાઓ પણ થવા પામી હતી. જેથી સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા મેસેજને લઈને આ ગામ સહીત આસપાસના મોટાભાગના ગામોમાં ભારે ભયનો માહોલ સર્જાયો હતો. સોશિયલ મીડિયામાં વાયરલ થાયેલા મેસેજને લઈને વન વિભાગ દ્વારા સમગ્ર મામલાને ગંભીરતાથી લઈને આ ગામના આસપાસમાં આવેલા ગીચ જંગલ વિસ્તારમાં સર્ચ કરવામાં આવ્યું તેમજ વાયરલ થયેલા ફોટો પ્રમાણે તપાસ પણ કરવામાં આવી. જે તપાસ બાદ આ પ્રકારની કોઈપણ ઘટના આ વિસ્તારમાં ન હોવાનું સામે આવ્યું છે. વન વિભાગ દ્વારા સ્થાનિક આગેવાનોને સાથે રાખીને સ્થાનિક ગ્રામજનોને વાયરલ થયેલ ફોટાઓ તેમજ સંદેશાઓ ખોટા હોવાનું જણાવી ભયમુક્ત રહેવા માટે તેમજ સાવચેતી માટે ગીચ જંગલ વિસ્તારમાં ન જવા માટે અપીલ કરવામાં આવી રહી છે, પરંતુ હાલ પણ સોશિયલ મીડિયામાં ફેક મેસેજ-ફોટોસ વાયરલ થતા હોય વન વિભાગ દ્વારા આ ખોટા મેસેજ ફેલાવનાર સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. હાલ તો વન વિભાગ અને સ્થાનિકોની સ્થિતિ વાઘ આવ્યો વાઘ આવ્યો જેવી થવા પામી છે. પંચમહાલ વન વિભાગના રાજગઢ રેન્જના વન અધિકારી સહિતના વનકર્મીઓ દ્વારા ગીચ જંગલ વિસ્તારમાં સઘન ચેકીંગ કરવામાં આવ્યું હતું અને આવી કોઈ જ ઘટના ન બની હોવાનું સામે આવ્યા બાદ સ્થાનિકોને આ સમગ્ર મામલો ખોટો હોવાનું જણાવી ભયમુક્ત રહેવા અને જરૂરી સાવચેતી રાખવા માટે પણ જણાવ્યું હતું.

## ગોધરા તાલુકાના વેગનપુર જલારામ સ્કુલ પાસેથી ૧૨૨ ચાઈનીઝ ફીરકી સાથે એક ઈસમને પોલીસે ઝડપ્યો



ગોધરા,

ગોધરા તાલુકાના વેગનપુર ગામ પાસે જલારામ સ્કુલ પાસે રોડ પર ચોરી છુપી થી ચાઈનીઝ દોરીનું વેચાણ કરતો હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ચાઇનીઝ દોરીના ૧૨૨ નંગ ફિરકાઓ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

ઉત્તરાયણના પર્વના ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ઉત્તરાયણના પર્વમાં પ્રાણઘાતક ગણાતી ચાઈનીઝ દોરી થી માનવ અને અબોલ પક્ષીઓ જાન ગુમાવતા હોય છે. જેને લઈ ચાઈનીઝ દોરી ઉપર જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધ મુકતું જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. તેમ છતાં ચોરી છુપી થી ચાઈનીઝ દોરીનું વેચાણ કરતાં ઈસમોને ઝડપી પાડવા પોલીસ તપાસ કાર્યવાહી કરતી હોય છે. ગોધરા તાલુકાના વેગનપુર ગામ પાસે જુની જલારામ સ્કુલ પાસે ચોરી છુપી થી ચાઈનીઝ દોરીનું ઈસમ વેચાણ કરી રહ્યો હોય તેવી બાતમીના આધારે ગોધરા તાલુકા પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ચેતનભાઈ ચંદુભાઈ પટેલ રહે. રામપુરા, સ્વામીનારાયણ મંદિર ફળીયાને ચાઈનીઝ દોરીના ફિરકા નંગ-૧૨૨ કિંમત ૧૮,૩૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

## ગોધરા પશ્ચિમ વિસ્તારમાં બે અલગ-અલગ સ્થળો એ કત્તલના ઈરાદે ગોંધી રાખેલ ૩૩ ગૌવંશને પોલીસે બચાવી



ગોધરા,

ગોધરા પશ્ચિમ વિસ્તારમાં બે અલગ-અલગ સ્થળો એ રેઈડમાં કત્તલના ઈરાદે ગૌવંશને ગોંધી રાખેલ હોવાની બાતમીના આધારે રેઈડ કરી ૩૩ ગૌવંશ કિંમત ૬,૨૪,૦૦૦/-રૂપીયાના બચાવી લેવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા પશ્ચિમ વિસ્તારમાં ગેની પ્લોટમાં આવેલ ઉમર મસ્જીદ સામે આવેલ પતરાના શેડમાં અબ્દુલ રઉફ ઉર્ફે સાદિહાજી હુસેન બદામ, ફેસલ અબ્દુલ રઉફ ઉર્ફે સઈદહાજી બદામ મહેફુઝ ઉર્ફે મુન્નો હુસેન બદામ, શોકત અહેમદ ચુથલા ઉર્ફે મુકલા તમામ રહે. ગેની પ્લોટ ભેગા મળીને કત્તલના ઈરાદે ગૌવંશ બાંધી રાખેલ છે. જ્યારે મેશરી નદીના ઘસ ઉપર હારૂન મસ્જીદ પાસે પતરાના શેડમાં અહેમદ હુસેન ઉર્ફે ચદરીયો યાકુબ હયા, હાજર કાસીમ વસ્કા રહે.મુસ્લીમ સોસાયટી ભેગા મળી કત્તલના ઈરાદે ગૌવંશ ગોંધી રાખેલ છે. તેવી ચોકકસ બાતમીના આધારે એલ.સી.બી., એસ.ઓ.જી. અને બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન કત્તલના ઈરાદે ટુંકા દોરડા વડે બાંધી રાખેલ બળદો નંગ-૩૦ અને ગાય નંગ-૩ મળી ૩૩ ગૌવંશ કિંમત ૬,૨૪,૦૦૦/-રૂપીયાને બચાવી લેવામાં આવ્યા હતા અને પરવડી પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ અંતર્ગત ફરિયાદ નોંધાવામાં આવી.

## પંચમહાલ જીલ્લામાં વધુ ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણ કેસમાં વધારો થઈ રહ્યો છે. તે ચિંતાનો વિષય બન્યો છે. આજરોજ ૨૪ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. સાથે જીલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીની સંખ્યા ૧૭૯ સુધી પહોંચી છે. તેની સામે ૧૪ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના સંક્રમણના ભરડામાં આવ્યો છે. પ્રતિદિન કોરોના સંક્રમણના કેસમાં વધારો નોંધાઈ રહ્યા છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ આરોગ્ય વિભાગ ચિંતીત બન્યું છે. લોકોને કોરોના માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા માટે અપીલ કરાઈ છે. લોકોના કોરોના વેકસીનના પ્રથમ અને બીજો ડોઝ તેમજ ૬૦ વર્ષથી ઉપરના લોકોને બુસ્ટર ડોઝ લઈ લેવા માટે અપીલ કરાઈ છે. તેની વચ્ચે પણ આજરોજ પંચમહાલ જીલ્લામાં ૨૪ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેમાં ગોધરા-૨૧, ગોધરા(ગ્રામ્ય)-૦૨, કાલોલ-૦૧ નોંધાયા છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીની સંખ્યા ૧૭૯ થઈ છે. જેની સામે ૧૪ દર્દીઓ કોરોનાને માત આપીને સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા લોકોને કોરોના ગાઈડ લાઈનનું પાલન કરવા માટે અપીલ કરાઈ છે.


યુવાનોના આદર્શ એવા સ્વામી વિવેકાનંદજી ની જન્મજયંતીની પૂર્વ સંધ્યાએ અમારી શાળા રમણ પટેલ વિદ્યાલય, ચંચોપાની NSS યુનિટ દ્વારા એક વ્યાખ્યાન યોજાયું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સ્વામી વિવેકાનંદજીના વિચારોને પ્રસારિત કર્યા હતા.


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકામાં વહેલી સવારે ઘોઘંબા નગરના છેવાડાના વિસ્તારમાં તથા પરોલી ગામમાં આવેલ નંદલાલની અનાજ કરીયાણાની દુકાનમાં તસ્કરોએ ચોરીનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. તસ્કરોએ તાળા તોડયા પરંતુ ઈન્ટરલોક હોવાના કારણે તેમનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

## ગોધરામાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે અલગ-અલગ શ્રેણીમાં પાવર લીફ્ટિંગ અને બેન્ચપ્રેસ સ્પર્ધામાં ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા



ગોધરા,

પંચમહાલ જિલ્લાના મુખ્યમથક ગોધરા શહેરમાં આવેલ કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે સ્પોર્ટ્સ એસોસિએશન ઓફ પંચમહાલ ડીસ્ટ્રિક્ટના નેજા હેઠળ અલગ અલગ શ્રેણીમાં પાવર લિફ્ટિંગ અને બેન્ચ પ્રેસ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં ગોધરા શહેરના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વિજેતા બનેલા સ્પર્ધકોને ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં બહેનોની શ્રેણીમાંમાં યેશા જયસ્વાલ અને હેતલ ઉદવાણીએ ગોલ્ડ મેડલ જ્યારે ભારતી ખત્રી ચેમ્પિયન બની હતી. જ્યારે ભાઈઓની સ્પર્ધામાં આદર્શ ગોર, રાહુલ વણઝારા, ભૂમિરાજ ચાવડા અને સુજલ ધોલાનીએ ગોલ્ડ મેડલ જીત્યો હતો. જ્યારે સુદર્શન રાઉલજીએ સિલ્વર અને માલવદીપ રાઉલજીએ બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. તમામ સ્પર્ધકો એકદંત ફિટનેસ સેન્ટર ખાતે કોચ મયુર જયસ્વાલના નેતૃત્વ હેઠળ તાલીમ પામ્યા હતા.

## હાલોલની યુવતિ સાથે દુષ્કર્મની મામલાના આરોપીઓના નિયમિત જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

ગોધરા,

સમગ્ર પંચમહાલ પંથકમાં ચકચાર જગાવનાર હાલોલ શહેરની સગીરાને હાલોલ ખાતે થી ઉપાડીને વડોદરા ખાતે લઈ જાઈને ચાલુ કાર તથા અન્ય જગ્યાએ સગીરા સાથે બળાત્કાર કરવાના કિસ્સામાં હાલોલ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાતા હાલોલ પોલીસ દ્વારા હાલોલ ખાતેના આરોપી નિમેલકુમાર વિનયભાઈ પટેલ અને વડોદરા ખાતેના હોટેલિયર હાર્દિકભાઈ મધુકાન્ત પંચાલની ધરપકડ કરવામાં આવી હતી અને તેમના રીમાન્ડ પણ પોલીસ દ્વારા મેળવવામાં આવ્યા હતા. જે બાદ હાલમાં આરોપી નિમેલકુમાર વિનયભાઈ પટેલના ઓએ પંચમહાલ જિલ્લાના સ્પેશિયલ જજ પોકસો કે.જે દરજીની કોર્ટમાં નિયમિત જામીન અરજી દાખલ કરેલી જે અરજી નામદાર કોર્ટ દ્વારા ઓનલાઈનના માધ્યમથી સાંભળવામાં આવેલી. જેમાં પંચમહાલ જિલ્લાના મુખ્ય સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો અને પોલીસ તપાસના કાગળોને ધ્યાનમાં રાખીને નામદાર કોર્ટ દ્વારા આરોપીની નિયમિત જામીન અરજી નામંજૂર કરવામાં આવી છે.

## જાન્યુઆરી, ફેબ્રુઆરી- ૨૦૨૨નાં બે માસ દરમિયાન પાવાગઢના ફાયરિંગ રેન્જમાં અનધિકૃત વ્યક્તિના પ્રવેશ ઉપર પ્રતિબંધ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના પાવાગઢ ફાયરિંગ રેન્જમાં જાન્યુઆરી અને ફેબ્રુઆરી- ૨૦૨૨નાં બે માસ દરમિયાન પોલિસ તથા એસ.આર.પી. જવાનો સહિત સુરક્ષા દળનાં જવાનો દ્વારા ફાયરિંગ પ્રેક્ટિસ યોજાવાની હોઈ આ દરમિયાન આ વિસ્તારમાં કોઈ પણ અનધિકૃત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ મૂકતો જાહેર હુકમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહિપાલસિંહ ડી. ચુડાસમા (જી.એ.એસ.) દ્વારા ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૪) અન્વયે મળેલી સત્તાની રૂએ કરવામાં આવ્યો છે. આ હુકમનો ભંગ કરનાર ઈ.પી.કો. કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## પંચમહાલના શહેરામાં પતિએ સૂતેલી પત્ની પર ધારિયાથી હુમલો કર્યાં બાદ પોતાનું જ ગળું કાપી નાખ્યું

શહેરા,

શહેરા તાલુકાના ભુરખલ ગામમાં માનસિક વિકલાંગ પતિએ નિંદ્રાધીન પત્ની ઉપર ધારીયાથી હુમલો કર્યાં બાદ પોતાના ગળામાં ધારીયાથી ઈજા પહોંચાડી હતી. ઈજાગ્રસ્ત પતિ પત્ની ને ઈમરજન્સી સારવાર માટે વડોદરા ખાતે આવેલ સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પતિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. જ્યારે પત્નીને સારવાર હેઠલ છે.

શહેરા તાલુકાના ભુરખલ ગામમાં શાંતિલાલ અનખનલાલ પરમાર તેના પરિવાર સાથે રહેતો હતો અને ખેત મજૂરી કરતો હતો. તેણે કેટલાક સમયથી માનસિક સમતુલા ગુમાવી દીધી હતી. જેથી તે ગામમાં પણ અર્ધનગ્ન જેવી હાલતમાં ફરવા સાથે પરિવારને પણ પરેશાન કરતો હતો.

વહેલી સવારમા અસ્થિર મગજના શાંતિલાલ ના હાથમાં ઘરની અંદર રહેલ ધારીયું હાથમાં આવી જતા તેને આવેશમાં આવી નિંદ્રાધીન પત્ની ઉપર હુમલો કર્યો હતો. આ હુમલામાં પત્ની કૈલાશબેન પરમારને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. ઘા વાગતા ઊંઘમાંથી જાગેલી પત્નીએ બૂમાબૂમ કરતા તેનો પુત્ર ઉઠીને દોડી આવ્યો હતો. અને પોતાની માતાને લોહીલુહાણ હાલતમાં જોઈને તેના પિતાને પકડવા દોડ્યો હતો.

જોકે પુત્રના હાથમાં પિતા શાંતિલાલ પરમાર આવે તે પહેલાં પિતાએ પણ પોતાની જાતે જ ગળાના ભાગે ધારદાર હથિયાર દાતરડું નો ઘા મારી દેતા ગળુ કપાઈ ગયું હતું. આ બનેલી ઘટનામાં ઈજાગ્રસ્ત પતિ-પત્નીને સારવાર માટે ૧૦૮ દ્વારા તાત્કાલિક સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે દંપતીને વડોદરા સયાજી હોસ્પિટલમાં રીફર કર્યાં હતા. જેમાં શાંતિલાલ અનખનભાઈ પરમારને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે તેમના પત્ની કૈલાશબેન શાંતિલાલ પરમારની સારવાર હાથધરી હતી. જોકે કૈલાશબેનની પણ હાલત ગંભીર હોવાનું તબીબોએ જણાવ્યું હતું. વડોદરા પોલીસ દ્વારા આ બનાવની જાણ શહેરા પોલીસ દ્વારા આ મામલે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી છે.

### ઓન લાઈન ટેન્ડરીંગ
### માર્ગ અને મકાન વિભાગ,
### ગુજરાત સરકાર જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૧-૨૨

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ. લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ-૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં. (૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા સમાન પ્રકારની કામગીરીનો અનુભવ ધરાવતા ઈજારદારો પાસેથી કન્સલ્ટન્સી સર્વિસ ફોર ટેકનીકલ ઓડીટ એન્ડ કવોલીટી એસ્યુરન્સ એસ પર ગાઈડલાઈન ફોર ધ બિલ્ડીંગ વર્કસ ઓફ કન્સ્ટ્રૂકશન ઓફ (૧) કન્સ્ટ્રૂકશન ઓફ ન્યુ કોર્ટ બિલ્ડીંગ એટ વિરપુર, જિ.મહીસાગર (૨) કન્સ્ટ્રૂકશન ઓફ ગર્વમેન્ડ રેવન્યુ કવાટર્સ કેટેગરી ડી ટાઈપ-૨ યુનીટ, સી ટાઈપ-૧૮ યુનીટ એટ વિરપુર, જિ.મહીસાગરના કામ માટે (અંદાજીત કિંમત રૂ.૪.૫૦ લાખ) માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

ઉપરોકત કામ માટેના ટેન્ડર ડોકયુમેન્ટસ તા.૧૧/૦૧/૨૦૨૨ ના રોજ બપોર ના ૧૨.૦૦ કલાક સુધી વેબ સાઈટ https://rnb.nprocure.com પર ઉપલબ્ધ થશે.

જયારે કામના ઓનલાઈન ટેન્ડર ઉપર મુજબ તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ સાંજના ૧૮.૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. વધુ વિગત માટે ઉપરોકત વેબસાઈટ અથવા રૂબરૂ કચેરીએ કચેરીના કામકાજના સમય દરમ્યાન સંપર્ક સાધવા વિનંતી. કામ અંગેના સુધારા વધારા ઓનલાઈન જોવા મળશે.

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા.અને મ.વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૮૩૯/૨૦૨૨

### જાહેર નિવિદા-૧૦ સને ૨૦૨૧-૨૨
### માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજયનાં માન.રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ.લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ ૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં. (૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબના કામો માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત કિંમત (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | મહીસાગર જિલ્લાના લુણાવાડા ખાતે ફુટપાથ પર પેવર બ્લોક પાથરવાની કામગીરી (કુલ ૨-કામ) | રૂ.૧૫.૦૦ |

ઉપરોકત કામો માટેનું ટેન્ડર વેબસાઈટ http://rnb.nprocure.com પરથી ઓનલાઈન ભરવાના રહેશે. આ કામોની વિગતવાર નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર તથા કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે. કામની માહિતી માટે ઉપરોકત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે.
ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફકત વેબસાઈટ પર જોવા મળશે.

કાર્યપાલક ઈજનેર
મહીસાગર મા.અને મ.વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૮૪૦/૨૦૨૨